Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમૂહજીવન અને છાત્રાલય

શિવાભાઈ ગોકળભાઈ પટેલ

६०ग / १२

ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

प ० नं छान्दोग्य

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या...... ५० ग/९२

पञ्जिका संख्या...... २५६८१

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

29641
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण ११८४-११८५

CHECKED 1973
Initial

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારાગૌરી સ્મારક ગ્રંથમાળા – ૬

સમૂહજીવન અને છાત્રાલય

શિવાભાઈ ગોકળભાઈ પટેલ

પ્રકાશક તરફથી ભેટ

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

આવૃત્તિ પહેલી પ્રત ૧૨૫૦

સર્વ હક્ક ગૂજરાત વિદ્યાપીઠને સ્વાધીન

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ-૧૪

એક રૂપિયો

ફેબ્રુઆરી ૧૯૫૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

પૂ. ગાંધીજીએ સૂચવેલી વર્ધા શિક્ષણ યોજના મુજબ, નવી તાલીમમાં કોઈ પાયાનો ઉદ્યોગ અને આજુબાજુનો સમાજ તથા કુદરતને કેન્દ્રમાં રાખીને કેળવણીની રચના કરવાની હોય છે. તેમાં સમૂહજીવનની તાલીમને પણ મહત્ત્વનું સ્થાન છે.

માણસ એ સામાજિક પ્રાણી છે અને આજના જમાનામાં સમાજ સાથેના તેના સંબંધો વધતા જાય છે. પહેલાં કરતાં આજે દરેકને બીજા લોકોની સાથે મળીને કામ કરવાના અને હળવામળવાના પ્રસંગો વિશેષ આવે છે. એટલે સમૂહજીવનની તાલીમ દરેકને માટે ખાસ જરૂરી છે. આવી તાલીમ પુસ્તકો દ્વારા કે ભાષણો દ્વારા આપી શકાતી નથી પણ સમૂહકાર્ય અને સમૂહજીવન દ્વારા આપી શકાય છે. આથી નવી કેળવણીમાં તેને ખાસ મહત્ત્વ આપવું જોઈએ. તે કામ શાળાની સાથે જોડાયેલાં ઉદ્યોગાલયો, અભ્યાસગૃહો અને છાત્રાલયો દ્વારા વધારે સારી રીતે થઈ શકે. એટલે તેમને કેળવણીની દૃષ્ટિએ ખીલવવાં જોઈએ. છાત્રાલય પૂરતો આ બાબતનો વિચાર શ્રી શિવાભાઈએ આ પુસ્તકમાં કર્યો છે અને બતાવ્યું છે કે, શિક્ષક જાગ્રત હોય તો તે દ્વારા, વિવિધ પ્રકારની તાલીમ આપી શકે છે. તેમણે તે અંગે બોચાસણના વલ્લભ વિદ્યાલયમાં પોતાને થયેલા અનુભવનો નિચોડ આમાં આપ્યો છે અને અનુભવથી નક્કી કરેલા નિયમો અને સૂચનો ઉતાર્યાં છે. તે આ દૃષ્ટિએ છાત્રાલયો ચલાવનારા સૌને માર્ગદર્શક થશે એવી આશા છે.

આ પુસ્તક શ્રી તારાગૌરી માળામાં પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમાં પ્રસિદ્ધ થયેલાં બીજાં પુસ્તકોની યાદી આ પુસ્તકને અંતે આપી છે.

શ્રી બબલભાઈએ આ પુસ્તકની પ્રસ્તાવના લખી આપી છે અને આ પ્રકારના કામની અગત્ય સમજાવી છે. શ્રી શિવાભાઈની માફક તેઓ પણ વિદ્યાપીઠના વિદ્યાર્થી છે. વિદ્યાપીઠના બીજા સેવકોએ પણ આમાં મદદ કરી છે. તે સૌને માટે અહીં આભારરૂપે કંઈ લખવાની જરૂર ન હોય.

તા. ૨૧-૨-'૫૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેળવણીના નવા ચીલા

કોઈ પણ સ્વતંત્ર પ્રજાની પેઠે સ્વરાજ્ય મળ્યા પછી આપણી ઊણપો આપણને વધારે ને વધારે સાલવા લાગી છે. પણ એ ઊણપો દૂર કરવા માટે જે જોમદાર પુરુષાર્થ જાગવો જોઈએ, તે આપણે ત્યાં જાગ્યો નથી. એથી પ્રજાની તાકાત વધવાને બદલે જ્યાં ત્યાં ટીકાઓ સંભળાય છે અને ક્યાંક ક્યાંક નિરાશાના સૂર સંભળાવા લાગ્યા છે. એ બહુ સારું ચિહ્ન નથી, પણ પ્રગતિ કરવા માગતી પ્રજાએ આવા દોષમાંથી ઝડપભેર મુક્ત થઈ જવું એ પણ એટલું જ જરૂરી છે.

ઉપરોક્ત દોષ આપણને જીવનનાં બધાં અંગોમાં નડી રહ્યો છે, પણ કેળવણીના ક્ષેત્રમાં એ વિશેષ રૂપે નડી રહ્યો છે.

ભાઈ શિવાભાઈ વર્ષોથી કેળવણીના ક્ષેત્રમાં પડ્યા છે, અને એઠું કામ કરે છે. એ બહુ વાતોમાં માનતા નથી, પણ પ્રત્યક્ષ આચારમાં માને છે. એટલે એમના ક્ષેત્રમાં એમને જે સાચું લાગ્યું એનો મૂંગા મૂંગા એ અમલ કરી રહ્યા છે.

પ્રાથમિક કેળવણીને આજના સંજોગોમાં કેવો વળાંક આપવો જોઈએ એનું એમણે એમના મનથી એક ચિત્ર તૈયાર કર્યું છે અને એ ચિત્રને મૂર્ત સ્વરૂપ આપવાનો તેઓ પ્રયાસ કરી રહ્યા છે. એ અનુભવોનો સાર રજૂ કરીને એમણે શિક્ષણના કાળ દરમિયાન આપણે શું શું કરવા જેવું છે, એને વ્યવહારમાં મૂકવા જતાં શી શી આંટીઓ ઊભી થાય છે, અને એના કેવી કેવી રીતે ઉકેલ શોધાય છે, એની સ્પષ્ટ દોરવણી આપી છે. એથી આ પુસ્તકને હું ભાવપૂર્વક આવકારું છું. અને આપણે બધાએ કેટકેટલું કરવાનું બાકી છે એના તરફ સહેજ અંગુલિનિર્દેશ કરું છું.

આજે જ્યાં ત્યાં ચાલુ કેળવણીની ટીકા સંભળાય છે. અને એમાં આપણે ટાપશી પૂરવા લાગીએ છીએ કે, "આજનું તે કાંઈ ભણતર છે!" 'ભણતર છે પણ ગણતર નથી.' ભણવા મોકલનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માતાપિતા, ભણનાર વિદ્યાર્થી, ભણાવનાર શિક્ષક બધા ચાલુ ભણતરની નિંદા કર્યે જાય છે અને પાછા એ જ ભણતરને લીધા કરે છે.

સૌ કહે છે કે ભણેલો ખર્ચાળ બની જાય છે. સૌ કહે છે કે ભણેલો શરીરશ્રમના કામથી નાસે છે. સૌ કહે છે કે આ ભણતર જીવતરમાં ખપ નથી લાગતું. કેટલાક તો એટલી હદ સુધી બોલી નાખે છે કે ચાલુ ભણતર સદંતર બંધ કરી દેવામાં આવે, તોય આપણું કશું સત્યાનાશ વળી જવાનું નથી. એમ છતાં એ ભણતરમાં દેખાતાં દૂષણો દૂર કરવાનો સાચો પ્રયત્ન બહુ શિથિલ રીતે થાય છે.

એનો અર્થ એ થયો કે, જેમ પેલો વાંદરો શિયાળાની કડકડતી ઠંડીનો અનુભવ કરે છે ત્યારે બીજે દહાડે ઝૂંપડી બાંધવાનો સંકલ્પ કરે છે, અને દિવસ ઊગતાં સૂર્યનાં કિરણમાં ગેલ કરવાનું મળે છે, એટલે ફરી બધું ભૂલી જાય છે, એવી હાલત આપણી છે. એનો અર્થ એ થયો કે, ચાલુ કેળવણીનાં દૂષણો હજુ આપણને એટલાં સાલ્યાં નથી. અગર તો એનાથી થઈ રહેલા સમાજના પારાવાર નુકસાન વચ્ચે પણ, થોડી વ્યક્તિઓ આજની અન્યાય ઉપર રચાયેલી પરિસ્થિતિને કારણે બીજાને ભોગે થોડા વ્યક્તિગત લાભો મેળવતી હોય છે, એની હલકી અને ત્યાજ્ય લાલચમાં આપણે સપડાઈ ગયા છીએ.

કોઈ કહે છે કે, આ તંત્ર જ એવું છે કે એનાથી આવી જ કેળવણી નિષ્પન્ન થાય છે. તો કોઈ કહે છે કે, આ કેળવણી જ એવી છે કે એમાંથી આવું જ તંત્ર રચાય. બન્ને વાત સાચી છે. પણ આ વિષચક્રને આપણે ક્યાંક તો તોડવું જ પડશે. એની શુભ શરૂઆત, ચાલુ સ્થિતિ ખરેખર અસહ્ય છે એવું જેમના દિલમાં હાડોહાડ વ્યાપી ગયું હોય એવા કેળવણીકારો અને વાલીઓએ જ કરવી પડશે.

આપણે સૌ કહીએ છીએ કે, નાનો છોડ વાળીએ એમ વળે છે અને નાનપણમાં બાળકને જે સંસ્કારો પડે છે એ જીવનભર કામ લાગે છે. પણ જેને આપણે પથ્ય અગર શ્રેય ગણીએ છીએ એવા સંસ્કારો પાડવા સારુ આપણે પુરુષાર્થ કેટલો કરીએ છીએ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળક મોટો થાય ત્યાં સુધી એને એદાડુ જીવન ગાળવાની તક અને તાલીમ આપ્યા પછી એકાએક આપણે કહીએ કે, તું સ્વાવલંબી અને સ્વાશ્રયી થઈ જા. તે એ શી રીતે થવાનો? આપણે બાળકને રોજ રોજ નવા શોખો અને નવી હાજતો વધારવાની આદતો પાડયા કરીએ અને છૂટે હાથે પૈસા વાપરવાની બધી સગવડ કરી આપીએ અને પછી આપણે એક દિવસ કહીએ કે, તું બહુ ઉડાઉ થઈ ગયો છે, હવે સારો થઈ જા. તે એ શી રીતે બની જવાનો?

આપણે જૂઠું બોલવાના પદાર્થપાઠો પૂરા પાડયા, લોકોને ઊંચા-નીચા ગણીને તોછડી અને અપમાનજનક ભાષા વાપરી બતાવી, સ્વાર્થ સાધવામાં કશી કચાશ ન રાખી અગર એ ખાતર ગમે તે કરવાનાં દૃષ્ટાંતો પૂરાં પાડયાં અને પછી કહીએ કે, આ છોકરામાં તો જરાય સુજનતા નથી, તો એ કેવો બેહૂદો વિચાર છે?

આપણે રોજ રોજ અનિયમિત અને અવ્યવસ્થિત જીવન જીવવાની તકો પૂરી પાડયા કરી, આપણા પોતાના દૃષ્ટાંતથી એ સંસ્કારમાં ઉમેરો કર્યા કરીએ અને પછી એક દિવસ કહીએ કે, આ વિદ્યાર્થીમાં નિયમિતતા કે વ્યવસ્થાનો તો છાંટોયે નથી, તો એ કેટલું હાસ્યાસ્પદ છે? પરંતુ ખરેખર આજે આપણે આવું જ કંઈક કરી રહ્યા નથી?

માણસમાં સારાનરસા સંસ્કારોનું મિશ્રણ હોય છે. જે સંસ્કારો વધારે પ્રમાણમાં હોય છે, એનું એના જીવનમાં ચલણ રહે છે. એમાંથી એની આદતો પડે છે. જોયેલો, સાંભળેલો કે અનુભવેલો એક પણ સંસ્કાર નાશ પામતો નથી. પણ જે સંસ્કારોનું પ્રમાણ વધારે હોય એનું એના જીવનમાં ચલણ રહે છે. વારંવાર સારી ચીજના સંસ્કારો પડે છે તો એમાંથી સારી ટેવો પડે છે. વારંવાર ખરાબ ચીજના સંસ્કારો પડે છે તો એમાંથી ખરાબ ટેવો પડે છે.

એથી જ કેળવણીકારોએ કહ્યું છે કે પાયાના સંસ્કારો અને ટેવો નાની વયમાં પડે છે. એટલે એ વખતે જ એને અનુકૂળ સંસ્કારો મળી રહે એવું વાતાવરણ આપવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાક એવું માને છે કે, બાળકની કેળવણી શાળામાં જ થાય છે. ખરું જોતાં કેળવણી તો એને જ્યાં જ્યાં રહેવાનું અને જીવવાનું થાય છે ત્યાં બધે ચાલ્યા જ કરતી હોય છે. પાયાના સંસ્કારો તો પોતપોતાના ઘરમાં અને માતાના ખોળામાં જ રેડાતા હોય છે. પોતાના કુટુંબમાંથી અને આડોશપાડોશના સમાજમાંથી પણ બાળક ઓછું ગ્રહણ કરતો નથી. એ બધા સંસ્કારો ગ્રહણ કર્યા પછી તે શાળામાં જાય છે; અને તે પણ થોડા કલાકો પૂરતો. ઘણોખરો સમય તો એ ઘરમાં અને શેરીમાં જ વીતાવતો હોય છે. આ બધાં એનાં કેળવણી મેળવવાનાં સ્થાનો છે. આ સ્થાનો એને યોગ્ય કેળવણી આપે એવાં બનાવીએ તો જ આપણી કેળવણીમાં સુધારો થાય. આપણી શાળાઓ અને આપણા શિક્ષકો પણ આપણે જે ઉચ્ચ ચારિત્ર્યશીલ અને સમાજહિતસ્વી બાળકો બનાવવા માગીએ છીએ તેને પોષક ભાવના અને જીવનવાળાં હોય ત્યારે જ એ સુધારો શક્ય બને.

માણસ ગમે તેટલા ઉચ્ચ આશયો સેવતો હોય પણ એનાં સારાં ફળ ચાખવાં હોય તો તો એણે એ આશયો પાર પડે એ માટે પુરુષાર્થ કરવો પડે છે. આદર્શોનું માત્ર રટણ કરવાથી આદર્શ અમલી નથી બનતો. માટે ચાલુ કેળવણી સુધારવા માટે આપણે આપણા જીવનમાં, આપણા ઘરમાં, આપણી શેરીમાં, આપણી શાળાઓમાં અને આપણા ગામમાં ઘટતા ફેરફારો કરવા જોઈએ.

સમાજ સામે જોઈને જીવન જીવવાની આપણી પુરાણી આદતો લુપ્ત થવા લાગી છે અને વ્યક્તિમાત્ર જાત તરફ જોઈનેજ જીવવા લાગી ગઈ છે. એવે વખતે સમાજપોષક સામાજિક જીવન જીવવાની તક મળે એવાં સ્થાનો અને પ્રસંગો ઊભાં કરવાની જરૂર છે. છાત્રાલય જીવન એ આવી તકો પૂરી પાડવા માટેનું અનુકૂળ ક્ષેત્ર છે. આપણે ત્યાં એક કાળે છાત્રાલય જીવન વિષે ઠીક ઠીક વિચારાતું હતું. પણ આજે તો આપણું છાત્રાલય જીવન પણ એક ઘરેડ જેવું અને કેટલેક સ્થળે તો અવળા પાઠ આપનારું બની બેઠું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવે વખતે પળેપળે વિચાર કરીને જીવન ગોઠવવા મથતા એક છાત્રાલયનો આ પુસ્તકમાં હિસાબ પડ્યો છે. ખુલ્લું દિલ રાખીને છાત્રાલય જીવનમાં ફેરફાર કરવા મથતા અનેક ગૃહપતિઓ અને છાત્રોને આ પુસ્તક કિંમતી મસાલો પૂરો પાડે એમ છે.

આજના આપણા વણસી ગયેલા સમાજજીવનમાં નવાં મૂલ્યો ઊભાં કરવાં હોય તો કેળવણીની સંસ્થામાં કેવા કેવા નવા ચીલા પાડવાની જરૂર છે તથા એવા ચીલા પાડવા માગનારમાં કઈ જાતની આગ્રહભરી, ઝીણવટભરી, પ્રેમભરી અને સમાજજીવન વિષેની જ્ઞાનસંપન્ન દૃષ્ટિ જોઈએ, એની આ લખાણમાંથી કાંઈક ઝાંખી થશે.

હું માનું છું કે, આ પુસ્તક દ્વારા ભાઈ શિવાભાઈએ એમના છાત્રાલય જીવનના અનુભવનો નિચોડ રજૂ કરીને આપણા શિક્ષણ સાહિત્યમાં ઉપયોગી ઉમેરો કર્યો છે. આપણે એમાંથી પ્રેરણા મેળવીને એવા અનેક પ્રયોગો કરતા થઈ જઈએ એ ઇષ્ટ છે.

બબલભાઈ મહેતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ગ્રંથમાળાનાં બીજાં પુસ્તકો

૧ કલ્કી અથવા સંસ્કૃતિનું ભાવિ —	રાધાકૃષ્ણન	૧–૦–૦
૨ મનુષ્યની સર્વાંગીણ કેળવણી —	જેક્સ	૧–૪–૦
૩ સર્વોદયની કેળવણી —	કૃપાલાની	૧–૪–૦
૪ શિક્ષણ અને સંસ્કૃતિ —	રવિશંકર વ્યાસ	૧–૪–૦
૫ ગ્રામ-વિદ્યાપીઠ —	મૉર્ગન	૧-૧૨-૦

[દરેકની ટપાલરવાનગી અલગ]

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય,
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

	પ્રકાશકનું નિવેદન	૩
	કેળવણીના નવા ચીલા —બબલભાઈ મહેતા	૫
૧.	છાત્રાલય શા માટે ?	૩
૨.	ગૃહપતિ કેવો જોઈએ	૫
૩.	છાત્રાલયનાં કામ પાછળની દૃષ્ટિ	૯
૪.	સમૂહજીવન	૧૦
૫.	સ્વાવલંબન અને સહકારની ભાવના	૧૨
૬.	અંગત સમયની પ્રવૃત્તિઓ	૧૭
૭.	જવાબદારીનાં કાર્યો	૨૦
૮.	ખોરાક	૨૨
૯.	રસોડાનાં કામો	૨૯
૧૦.	સફાઈકામ	૩૬
૧૧.	બીજાં કામો	૪૫
૧૨.	સેવા અને દાન	૫૦
૧૩.	કાર્યકર કુટુંબનો સહકાર	૫૨
૧૪.	વાલીસંપર્ક	૫૩
૧૫.	સંસ્કાર કાર્યક્રમ	૫૫
૧૬.	લોકસંપર્ક	૫૬
૧૭.	પ્રદર્શન	૫૯
૧૮.	વ્યાયામ અને રમતગમત	૬૧
૧૯.	પ્રવાસ-પર્યટન	૬૨
૨૦.	રજાઓનો ઉપયોગ	૬૪
૨૧.	સ્વાધ્યાય મંડળ તથા રાત્રિછાત્રાલય	૬૫
	પૂર્તિ (ક) પાયખાનાં અને મુતરડીની વિશેષ માહિતી	૬૭
	(ખ) શરીર વિકાસ	૭૦
	(ગ) ત્રણ વર્ષનું ભણતર	૭૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમૂહજીવન
અને
છાત્રાલય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

છાત્રાલય શા માટે?

સામાન્ય રીતે ઘણાને એવો ખ્યાલ હોય છે કે, નિશાળ જ શિક્ષણ લેવાનું અને આપવાનું સ્થળ છે. ઘરના સંસ્કારો જીવનમાં મુખ્ય ભાગ ભજવે છે એ ખ્યાલ તેમને હોતો નથી. તેથી મોટે ભાગે માબાપ ઘરમાં ગમે તેમ જીવતાં હોય છે અને નિશાળમાં જતો બાળક હોશિયાર ન થાય, ખોટી ટેવવાળો થાય ત્યારે તેનો બધો દોષ નિશાળના શિક્ષણ ઉપર ઢોળે છે, પણ તે ખોટું છે. બાળકના સંસ્કારની જવાબદારી મોટે ભાગે માબાપની છે. એટલે ઘરના સારા સંસ્કાર તો બાળકને મળવા જ જોઈએ. વળી તેને સમૂહ સાથે જીવવાનું હોવાથી, તેને સમૂહ-સંસ્કારો પણ મળવા જોઈએ. તે માટે શાળા છે. એટલે ઘર અને શાળા બંને એક બીજાને પૂરક હોવાં જોઈએ.

આજે તો સામાન્ય રીતે શાળા અને ઘર બંને બગડયાં છે. આપણે તે સુધારવાં હોય તો બંને વર્ગે જાગૃત થવું જોઈએ. જે લોકો અક્ષરજ્ઞાનમાં પછાત છે, ગરીબ છે, અજ્ઞાન છે, તેમનાં બાળકોને તો ઘરના સંસ્કાર નથી મળતા; અને મળે છે તો જૂની રૂઢિઓના મળે છે. જે લોકો ઊંચા ગણાય છે તેમનાં બાળકોમાં બીજાને હલકા ગણવાના, મહેનતથી દૂર ભાગવાના, ઓછી મહેનતથી વધુ સંપત્તિ મેળવવાના તથા જરૂરિયાત વધારવાના સંસ્કારો પડે છે.

આ બંનેમાં સુધારો થવાની જરૂર છે. એ માટે ગામે ગામ ચોવીસ કલાકની શાળાઓ હોવી જોઈએ. ફક્ત વર્ગોમાં ભણાવવાની શાળા નહિ, પણ બે વખત બાળક ઘેર ખાવા જાય અને બાકીનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખો વખત સારી સોબતમાં રહે એવી શાળા. તેમાં સમજપૂર્વક એકે એક કાર્ય થાય અને ચોવીસ કલાકનું સમયપત્રક હોય.

આ રીતે જોતાં છાત્રાલય શાળાનું અંગ બને છે. બાળક નિશાળમાં જે શીખે તેનો પડઘો છાત્રાલયમાં કે ઘરમાં પડે તે પડઘો તપાસીને શાળાના શિક્ષણમાં જરૂરી ફેરફાર કરતા રહેવું જોઈએ. જેથી આપણે ભાવિ ગ્રામવાસીની જે કલ્પના કરીએ છીએ તે ચિત્ર બાળકના જીવનમાં દેખાય.

આ માટે છાત્રાલયો (અભ્યાસગૃહોના રૂપમાં છાત્રાલયો) ચલાવવાની વિશેષ જરૂર છે; પણ તે વીશી બની જાય તો લાભને બદલે નુકસાન થવાનો સંભવ છે. માબાપને પોતાનાં બાળકો માટે પ્રેમ હોય છે. એટલે તેમને તેઓના ઘડતરની ચિંતા રહે છે. તેવી ચિંતા ગૃહપતિને હોવી જોઈએ. છાત્રાલયનો ગૃહપતિ માબાપની અવેજીમાં ગૃહશિક્ષક છે. એટલે છાત્રાલયનો ગૃહપતિ શિક્ષક અને વાલી બંને છે. એમ થાય ત્યારે છાત્રાલય સાચી શાળા બની જાય.

છાત્રાલય-જીવનમાં પ્રામાણિકતા, વ્યવસ્થા, નિયમિતતા, સ્વચ્છતા, ચોકસાઈ અને ઝડપ – આ પાયાની બાબતો છે. દરેક ક્રિયામાં આ છ બાબતની કેળવણી કેટલી થઈ એ જોવું જોઈએ. આ પ્રગતિની પારાશીશી છે. તે ખ્યાલમાં રાખીને કામ થાય તો છાત્રાલય સાચી કેળવણીનું કેન્દ્ર બને. તેની ચાવી ગૃહપતિના હાથમાં છે. તેને માટે તેણે પોતાની લાયકાત કેળવવી જોઈએ. તે લાયકાત કેવી હોવી જોઈએ તે આપણે જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

ગૃહપતિ કેવો જોઈએ

છાત્રાલયનો ગૃહપતિ એ રસોડાનો તથા નિવાસસ્થાનનો કેવળ મેનેજર કે મુકાદમ જેવો નહીં હોવો જોઈએ. પણ તેનામાં માતાનો સ્નેહ, પિતાની દક્ષતા અને શિક્ષકની બુદ્ધિ હોવાં જોઈએ. તો જ છાત્રાલય જીવન–ઘડતરનું સ્થાન બની શકે. માતાનો પોતાના બાળક પર જે સ્નેહ હોય છે, પિતાનામાં તેના બાળકને વ્યવહારમાં ટકી શકે તેવી શક્તિ અને સંસ્કાર આપવાની જે હોંશ હોય છે, અને શિક્ષકમાં વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ સાધવાની જે તમન્ના હોય છે, એ ત્રણે ગુણો ગૃહપતિ માટે ખૂબ જરૂરી છે.

છાત્રાલય એટલે બાળકનું સંસ્કારઘર. શાળામાં તે પાંચછ કલાક જાય છે. બાકીના ૧૮ કલાકનો સમય તે કેવી રીતે ગાળે છે અને તે સમય કેવી રીતે ગાળવો જોઈએ તેનો સ્પષ્ટ ખ્યાલ ગૃહપતિને હોવો જોઈએ.

દુર્ભાગ્યે આજે માતાપિતા બાળકોને જન્મ આપે છે, પણ તેમને કેમ ઉછેરવાં તેનું જ્ઞાન બધાંને હોતું નથી. મોટે ભાગે, જંગલમાં જેમ ફળઝાડને અનાયાસે જે કંઈ પોષણ મળે છે અને તે મોટાં થાય છે, તેવું બાળકોનું છે.

કેટલાંક માબાપો બુદ્ધિશાળી ગણાય છે. તેમની બધી બુદ્ધિ ધન કમાવામાં અને તેને ગમે તેમ ખરચવામાં પૂરી થઈ જાય છે. કેટલાક લોકો પૈસાદાર હોય છે. તે સહેલાઈથી વધુ ધન મેળવવા પ્રયત્ન કરતા હોય છે. તેથી તેમનું ધન પણ એવી જ સહેલાઈથી વેડફાઈ જાય છે. એવાં માબાપનાં બાળકો પણ એવી ટેવનાં ભોગ બને છે.

જનસમુદાયના મોટા ભાગની આ સ્થિતિ છે. આ પરિસ્થિતિમાંથી ઊગરવા માટે છાત્રાલયો ચલાવીએ તો તેને માટે ઉપર જણાવી ગયા તેવા ત્રિમૂર્તિસ્વરૂપ ગૃહપતિઓ પણ જોઈશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાત્રાલય એ નાનો સરખો સમાજ છે. જે બાળક છાત્રાલયમાં આદર્શ છાત્ર બની શકે છે એ જ બાળક સમાજમાં સાચો નાગરિક બની શકે છે.

જો કોઈ છાત્ર છાત્રાલયમાં બીજાનું ઝૂંટવી લેતો હશે, તો તે મોટો થશે ત્યારે સમાજનું ઝૂંટવી લેશે. છાત્રાલયમાં જે છાત્ર પૈસા ખરચીને કે લાગવગથી મંત્રી બનતો હશે તે મોટપણે પૈસા ખરચીને કે લાગવગથી ગ્રામપંચાયતનો સભ્ય કે ધારાસભાનો સભ્ય થશે.

આને માટે સમૂહજીવનની તાલીમ ઘરમાં પૂરતા પ્રમાણમાં મળે તેવો હાલ સંભવ નથી. આથી ગામે ગામ છાત્રાલય જેવાં અભ્યાસ-ગૃહો હોય તો બાળક ઘેર જમે અને બાકીનો ઘણોખરો સમય અભ્યાસગૃહમાં ગાળતો થાય. એ રીતે એને ગૃહજીવનનો અને છાત્રા-લયના સમૂહજીવનનો એમ બંને લાભ મળે. પણ આજકાલ ગામડાંની નિશાળનો અભ્યાસ તો ચાર ધોરણ જેટલો પણ સરખી રીતે થતો નથી. એ હાલતમાં બાળકોને સાચી અને પૂરતી કેળવણી મળે એ હેતુથી દરેક જિલ્લામાં સારી સંખ્યામાં છાત્રાલયો અથવા અભ્યાસગૃહો હોવાં જરૂરી છે.

આવાં છાત્રાલયોના ગૃહપતિઓએ પોતાનો યોગ્ય ભાગ ભજવવો હોય તો નીચેની બાબતો વિષે દૃઢનિશ્ચયી થવું જોઈશે. તેમ થવામાં જેટલી ખામી હશે તેટલી જ ખામી છાત્રોમાં આવશે અને એની અસર ભાવિ સમાજ ઉપર પણ પડશે.

આજ સુધીના અનુભવ પછી ગૃહપતિ વિષે મારા વિચારો નીચે મુજબ બંધાયા છે :—

૧. ગૃહપતિ ગામડાંને પોષક ખાનપાન તથા રહેણીકરણીવાળો હોવો જોઈએ અને નાની નાની બાબતોમાં ખૂબ ચોક્કસ હોવો જોઈએ.

૨. ગૃહપતિ વિદ્યાર્થી પાસે પોતાનું અજ્ઞાન ઢાંકે નહીં; ન આવડતું હોય કે ન જાણતો હોય તો જાણીને પછી કહીશ એમ કહે, પણ આવડતનો ઢોંગ કે દંભ કરી જૂઠું ન આચરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. પોતાનો સમય અને પૈસો કરકસરથી વાપરે, જરૂર પૂરતો જ વાપરે, અને આખો વખત કોઈ ને કોઈ શુભ પ્રવૃત્તિમાં જ રોકાયેલો હોય.

૪. તે બધાં બાળકોને પોતાનાં જ બાળકો ગણે. તેમની સાથે કોઈ પણ જાતનો ભેદભાવ ન રાખે. વહાલો કે અળખામણો એવો ભેદ ન રાખે. અમુક વિદ્યાર્થીને ખાસ વહાલો માન્યો ત્યારથી છાત્રાલયનું કામ બગડ્યું સમજવું.

૫. તે કોઈ પણ ઉપયોગી શ્રમ કરવામાં ગૌરવ માને અને પોતે સહજ ભાવે શ્રમ કરે. ખાસ કરીને જે શ્રમ ઉપયોગી હોવા છતાં સમાજમાં તેના માટે તિરસ્કાર છે તે જાતે કરીને વિદ્યાર્થી માટે પોતે ઉદાહરણ રૂપ બને.

શરૂઆતમાં વિદ્યાર્થી શ્રમ ન કરે તો પોતે વિશેષ કરે. પોતે વિદ્યાર્થીઓમાંનો એક છે, એમ માનીને પોતે પોતાના આચરણ દ્વારા વિદ્યાર્થીઓને શીખવે.

૬. વિદ્યાર્થીમાં જે શક્તિ છે તેનો પૂરો ઉપયોગ થાય એ માટે વિદ્યાર્થીનો બધો સમય કોઈ ને કોઈ ઉપયોગી પ્રવૃત્તિમાં રોકાયેલો રહે એવું સમયપત્રક રાખે. તેમાં પૂરતા આરામને પણ સ્થાન હોય. સમયપત્રક એવું રાખવું જોઇએ કે, તે પ્રમાણે બરાબર બધા નિયમિત વર્તી શકે. એટલે તે વ્યવહારુ રાખે અને હંમેશ વિશેષ સમયનો સદુપયોગ થતો જાય તેવું લક્ષ રાખે. ઊઠવાના સમયનું બરાબર પાલન થાય એ માટે સૂવાના સમયનો પણ બરાબર આગ્રહ રહેવો જોઈએ. પોતે જરૂર હોય તો મોડો સૂએ પણ છાત્રો સાથે જ દરરોજના નિયમ પ્રમાણે ઊઠે. એ ગણતરીએ જ સમયપત્રક ગોઠવવું જોઈએ. ટ્રંકમાં જે સમય નક્કી કર્યો હોય તેમાં પોતે નિયમિત રહે જ.

૭. દિનચર્યામાં જે કાર્યક્રમ રાખવામાં આવે (દા. ત. કાંતણ, રસોઈકામ વગેરે) તેનાં બધાં કામો રોજ નિયમિત થાય તે માટે લક્ષ રાખવું જોઈએ. દા. ત. ૬ વાગ્યે ભોજનનો સમય રાખ્યો હોય તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસોઈ તે પહેલાં નિયમિત તૈયાર થાય તેવી પૂરેપૂરી વ્યવસ્થા કરવી જોઈએ.

૮. છાત્રાલયમાં નોકરો નહિ રાખવા જોઈએ. નોકરો જેટલા ઓછા તેટલી શિક્ષણની શકયતા વિશેષ. નોકરો છાત્રોના જીવન-ઘડતરમાં બાધક નીવડે છે. પૈસાદારોને ત્યાં નોકરો પાસે બાળકો ઉછેરાવે છે અને નુકસાન થાય છે, તેવું જ નોકરોવાળા છાત્રાલયમાં બાળકોનું થવા સંભવ છે.

૯. ગૃહપતિ સમાજસુધારકવૃત્તિવાળો હોવો જોઈએ. સમાજમાં જે સંકુચિતતા, વહેમો અને કુરૂઢિઓ છે તેમને દૂર કરવાની ધગશવાળો હોવો જોઈએ. બાળકો ભવિષ્યના સમાજસુધારકો બને એવું ઇચ્છનારે પોતે પણ તેવા બનવું જોઈએ.

૧૦. ગૃહપતિ હંમેશ નવું શીખવાની ઇચ્છાવાળો હોવો જોઈએ. તે પોતે નવું નવું શીખી લાવીને બાળકોને આપશે. તે માટે ગૃહપતિ જ્યાં જશે ત્યાંથી જે કંઈ સારું લાગશે તે પોતાને ત્યાં લઈ આવશે અને બાળકોને આપશે. કેટલીક બાબતો તે પોતે ન આપી શકે તો જેમનામાં એની આવડત છે તેવાઓને બોલાવી લાવીને અપાવશે અને બાળકનો સર્વાંગી વિકાસ થાય તે તરફ નજર રાખશે.

૧૧. ગૃહપતિ છાત્રોની માનહાનિ ન થાય એવી રીતે વર્તશે અને તેમના પ્રત્યે પ્રેમ રાખશે. એમ વર્તવાથી તેની પોતાની માનહાનિ છાત્રોથી કદી પણ નહીં થાય.

૧૨. ગૃહપતિએ બાળકો પાસે પોતાનું અંગત કામ કદી ન કરાવવું. ખાસ મુશ્કેલીમાં મદદ મળે તો લે, પણ તેની આશા ન રાખે. આવો પ્રયત્ન કરવાનો ગૃહપતિ આગ્રહ રાખશે તો પોતાના જીવનનો વિકાસ સાધી શકશે, તે સાથે છાત્રોને પણ ઉત્તમ કેળવણી આપી શકશે.

આવો પ્રયત્ન હંમેશ કરવાનો છે, ખૂબ જાગૃત રહીને કરવાનો છે. જેમ રોજ સ્નાન આવશ્યક છે તેમ રોજની જાગૃતિ આવાં કામ માટે આવશ્યક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

છાત્રાલયનાં કામ પાછળની દૃષ્ટિ

આજે સમાજમાં શરીરશ્રમ નહિ કરનાર પ્રતિષ્ઠિત ગણાય છે અને ઉપયોગી કામો કરનારા હલકા ગણાય છે. તેથી સમાજમાં બે વર્ગ પડતા જાય છે. એક કામ કરનારો અને બીજો કામ નહીં કરનારો. એક અભણ અને બીજો ભણેલો. એક ગરીબ અને બીજો તવંગર.

આમાં કામ નહિ કરનારો, ભણેલો, તવંગર માણસ યેનકેન પ્રકારે તવંગર બનવાનો પ્રયત્ન કરનારો હોય છે. તેથી તે તુમાખીવાળો અને બીજાને દબાવવાની વૃત્તિવાળો હોય છે. બીજો વર્ગ કામ કરનાર અભણ અને ગરીબ છે. તેને પણ ભણવાની તથા તવંગર થવાની ઇચ્છા હોય છે. પરંતુ તેને તક નથી મળતી તેથી તે વર્ગ લાચાર અને દબાયેલો રહે છે.

આજનું શિક્ષણ જ એવી રીતે ગોઠવાયું છે કે, તે શિક્ષણ જે લે તે કામ ન કરવા તરફ જાય. એટલે સ્થિતિ એવી થઈ છે કે, માબાપ વૈતરું કરતાં હોય, ત્યારે દીકરો કે દીકરી તેમની મહેનત તરફ તિરસ્કાર કરતાં હોય અને માબાપને બિચારાં માનતાં હોય. એટલે આજના ભણતરમાં વહેલી તકે શ્રમનાં કામ તથા ઉદ્યોગ દાખલ કરવાં જ જોઈએ.

ઉદ્યોગમાં પણ એવી સ્થિતિ છે કે, જે કામ તથા ઉદ્યોગ અતિ ઉપયોગી છે તે વિશેષ હલકાં મનાયાં છે. જેમકે રસોઈ, સફાઈ, દળવું વગેરે જીવનપોષક ઉદ્યોગો હલકા મનાયા છે; અને પૈસો મળે તેવો બિનજરૂરી ઉદ્યોગ પ્રતિષ્ઠિત ગણાય છે અને તે દ્વારા કોઈ પણ રીતે પૈસો મેળવનાર પ્રતિષ્ઠાવાળો મનાય છે. આમ જે કામ હલકાં મનાયાં છે, પણ સાચી રીતે જીવનપોષક છે તેમને પ્રતિષ્ઠા આપવાનું કામ છાત્રાલયે કરવાનું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

સમૂહજીવન

સમૂહજીવનમાં વ્યવસ્થિત રીતે કામ કરવામાં આવે તો જીવન-ઘડતર થાય, નહિ તો સમૂહમાં રહેવા છતાં તેના લાભ ન મળે અને ઊલટું નુકસાન પણ થાય એમ બને.

સમૂહમાં બધા ગાડીમાં બેસે છે પણ ત્યાં સમૂહ હોવા છતાં વ્યક્તિગત સુખસગવડ માટે બીજાની અગવડસગવડ જોવાની દૃષ્ટિ અને ટેવ ન હોવાથી કેટલીક વાર લોકો બીજાને અડચણરૂપ થઈ પડે છે અને કંઈ જ મેળવતા નથી.

શહેરમાં એક મકાનમાં અનેક કુટુંબો રહેતાં હોય છે, પણ એકબીજા સાથે કંઈ જ સંબંધ હોતો નથી, તેથી સમૂહજીવનનો લહાવો મેળવી શકતાં નથી. ત્યારે ગામડામાં આખા ગામ સાથે દરેક વ્યક્તિને સંબંધ હોય છે; અને વ્યવહારમાં એકબીજાની સાથે રહે છે.

છાત્રાલયમાં રહેનારને ઘેર જઈને સમૂહમાં ભળવાનું છે, ગ્રામવાસી થવાનું છે. એનો અર્થ એ છે કે, ગામની સાથે તેણે જીવંત સંબંધ રાખવાનો છે. ગામની મુશ્કેલીમાં પોતાની મુશ્કેલી છે અને ગામના હિતમાં તેનું પણ હિત જ છે. એટલે ગામ પ્રત્યેની તેની ફરજ શી છે તે સમજવાની અને તે બજાવવાની ટેવ પાડવાની જરૂર છે. એ તાલીમ છાત્રાલયજીવનમાં મળવી જોઈએ.

સમૂહજીવનમાં બધાં કામ પરસ્પર મળીને ટુકડીબંધ કરવાનાં હોય છે. ટુકડીમાં બધા સરખી શક્તિવાળા, સરખી ભાવનાવાળા અને સરખી આવડતવાળા નથી હોતા. તેમ છતાં બધાં કામ સારી રીતે કરવાનાં હોય છે. એટલે નરમગરમ થઈને કંઈક વિશેષ ઘસાઈને કામ કરવાની તક બધાને મળે છે; અને સમૂહમાં હોવાથી સમૂહનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બળ તો બધાને મળે જ છે. રોજના બધા પ્રસંગોમાં તેનું ઘડતર થાય છે. એમાં કોણ કેવો છે તેનો પરિચય અને અનુભવ થાય છે, એટલે તેનામાં જે ઊણપ હોય છે તે દૂર કરવાની તક મળે છે. આ કામ કેળવણીની દૃષ્ટિવાળો ગૃહપતિ જ કરી શકે.

છાત્રાલયમાં ખોરાક સમૂહરસોડે બધાને મળે છે. બીમાર હોય તો તેને ડૉકટરની યા ગૃહપતિની સલાહ મુજબ ખાસ મળે છે. બાકી બધાનો એકસરખો ખોરાક હોય છે. ઘેરથી કોઈ કોઈ વખત વિદ્યાર્થીઓ કંઈક લાવે છે. એમાં માબાપનો પોતાના દીકરા પરનો મોહ હોય છે, અને આર્થિક શક્તિ સારી હોય તેથી છોકરો કંઈક વિશેષ ખાય તો શરીર સારું થાય એમ માને છે. એ સાચું હોય તોય બધા વચ્ચે એકલા ખાવું યોગ્ય નથી. વળી એને સામાજિક વિવેક બતાવવો જોઈએ કે, સમૂહમાં રહેતા હોઈએ તો જે મળે તે સાથે લેવું જોઈએ, એમાં થોડું સહન કરવાનું હોય તો તે સમૂહજીવનની દૃષ્ટિએ વિશેષ સારું છે. આ રીતે જુદે જુદે પ્રસંગે સમૂહમાં વિવેકપૂર્વક વર્તવાની જે તાલીમ મળે છે, તે છાત્રાલયજીવનનો પાયો છે; અને કેળવણીની દૃષ્ટિએ તેનું મૂલ્ય વિશેષ છે.

પેટીને તાળું નહીં

અમારા છાત્રાલયમાં કોઈ પોતાની પેટીને તાળું ન રાખે એવો રિવાજ પાડ્યો છે. પોતાની પાસે જે સામાન હોય તેની યાદી દરેક રાખે છે. આથી બધા પાસે શું શું છે તેની ખબર દરેકને થઈ શકે છે. એટલે કોઈ કોઈનું કંઈ લઈ જાય તોય તેની મોટે ભાગે ખબર પડી જાય છે. એટલે ખોવાવાનું બહુ ઓછું બને છે, અને ખોવાય છે તો મોટે ભાગે મળી જાય છે. તાળું નહીં રાખવાથી નીચેના દેખીતા લાભ થયા છે :—

૧. ચોરી ઓછી થઈ.

૨. પરસ્પર વિશ્વાસ વધ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. ખાવાની કે બીજી વધારાની ચીજો રાખવાની ટેવ ઓછી થઈ.

૪. નિશ્ચિંત મનથી રહેવાની વૃત્તિ વધી.

૫. 'ખાનગી' ઓછું થઈ ગયું, બલ્કે ન રહ્યું.

આમ આ નિયમ સમૂહજીવન માટે બહુ ઉપયોગી લાગ્યો છે.

૫

સ્વાવલંબન અને સહકારની ભાવના

જીવનઘડતરની દૃષ્ટિએ સ્વાવલંબન અતિ ઉપયોગી છે. જેમ બાજરૂ જવું, ખાવું, પીવું જાતે જ કરવાનું હોય છે; અને તેમાં કોઈની મદદની કલ્પના કરતા નથી. પણ માંદગી જેવા સમયે જ અપેક્ષા રાખીએ છીએ. તેવી રીતે પોતાનાં કપડાં ધોવાં, પથારી કરવી, રસોઈ કરવી, સફાઈ કરવી વગેરે અંગત કામો ઘડતરની દૃષ્ટિએ જાતે જ કરવાનો વિદ્યાર્થીજીવનમાં આગ્રહ અતિ આવશ્યક છે. એ બધાં કામ સમૂહમાં પોતાને માટે જ કરવાનાં હોવાથી સુંદર થાય છે, અને દિલથી થાય છે એ લાભ છે જ. વળી પરાવલંબનવૃત્તિ ટળી જાય છે. નોકરની અપેક્ષા હોય તો નોકર આવશે ને કરશે, અમુક કામો તો નોકર જ કરે, એ ભાવ આવે છે; એટલે શક્તિ અને સમય હોય તોપણ નોકરની રાહ જુએ છે; અને નોકરથી સારું થતું નથી, સમયસર થતું નથી, તોપણ ચલાવી લે છે. એવી સ્થિતિ સ્વતંત્રતાની ખુમારીવાળા વિદ્યાર્થી માટે અસહ્ય ગણાવી જોઈએ.

વળી આ બધાં અતિ ઉપયોગી જરૂરી કામો છે, હલકાં નથી; અને આજે સમાજમાં હલકાં મનાય છે તેથી તે કરવાનો વિશેષ ધર્મ થઈ પડે છે. કેમકે આપણે એ ભાવ સમાજમાંથી દૂર કરવો હોય તો તે બધાં કામ જાતે જ કરવાં જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નોકરો રાખવાનો રિવાજ આર્થિક દૃષ્ટિએ ખર્ચાળ છે; અને ગરીબ અથવા સામાન્ય સ્થિતિના વિદ્યાર્થી માટે તે મુશ્કેલી ઊભી કરે છે. નોકરો રાખવાનો રિવાજ હોય ત્યાં સાહેબવૃત્તિ અથવા શેઠિયાવૃત્તિ આવે છે; અને નોકર પર હુકમ કરવાની અને પોતાની બધી જરૂરિયાતો નોકરો મારફત પૂરી પાડવાની વૃત્તિ ઊભી થાય છે. તેમાંથી નોકરો લાલચુ, પૈસાવાળાના ખુશામતિયા બને છે, અને એ રીતે વિદ્યાર્થીઓ અને નોકરોમાં અપ્રામાણિકતા પેસે છે.

પછી એવી સંસ્થાઓમાં કંઈ કામ કરવા પાછળ બદલો લેવાની વૃત્તિ જાગે છે. એ બદલો સીધી રીતે ન લઈ શકાય, એટલે આડકતરી રીતે લે છે. જેમકે કૉલેજોનાં ઘણાંખરાં છાત્રાલયોમાં જે મંત્રી ચૂંટાય છે તે ઘણો ખર્ચ કરીને ચૂંટાય છે, અને તે ખર્ચ તથા પોતાનો ખર્ચ પણ રસોડા આદિના વહીવટમાંથી મેળવી લે છે.

સંસ્થામાં આ મંત્રીઓ હોશિયાર અને પ્રતિષ્ઠાવાળા ગણાય છે. ભવિષ્યમાં તે જ આગેવાનો બને છે અને વિદ્યાર્થીજીવનમાં જે રીતે પ્રતિષ્ઠા મેળવી હોય તે રીતે જાહેરજીવનમાં મેળવવા પ્રયત્ન કરે છે. આમ તે પોતાને અને સમાજને બન્નેને નુકસાન કરે છે.

આ વૃત્તિનો સ્વાવલંબનમાં છેદ ઊડી જાય છે. સ્વાવલંબી છાત્રાલયમાં વિદ્યાર્થીમંત્રી મોટો સેવક અને વધુ કામ કરનારો હોય છે, અને વધુ સ્વાવલંબી થનારની વધુ પ્રતિષ્ઠા થાય છે. વળી ગરીબ, તવંગર બધા કામ કરતા હોય છે, એટલે સમાજમાં જે શ્રમની પ્રતિષ્ઠા સ્થાપવા માગીએ છીએ તે બચપણથી જ સાધી શકાય છે.

કાપડમાં સ્વાવલંબન

બોચાસણ વિદ્યાલયમાં કે તેના છાત્રાલયમાં વિદ્યાર્થી દાખલ થાય ત્યારે એક વર્ષમાં પોતાનાં કપડાં જેટલું સૂતર પોતે કાંતી લે છે.

છાત્રાલયમાં નવા વિદ્યાર્થીઓ છ સાત માસમાં એટલે રેંટિયાબારસ સુધીમાં કપડાંમાં સ્વાવલંબી બને છે. કોઈક કોઈક ધીમા હોય છે તે મોડા પડે છે ખરા, પણ વર્ષને અંતે કોઈ બાકી રહેતા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોશાકમાં ચડ્ડી, ખમીશ અને ટોપીનો ગણવેશ રાખેલો છે. એટલે બે જોડી કપડાં માટે ૧૦–૧૨ વાર કાપડ ૩૦" પનાનું જોઈએ. તે માટે ૫૦ આંટી સૂતર જોઈએ, તેટલું તે કાંતી લે છે. બધાને પ્રથમ કપડાંનું સ્વાવલંબન સાધવાનું હોય છે. એ માટે નિત્યક્રમમાં સ્વાવલંબી કાંતણનો સમય નક્કી કર્યો છે. અમે એવી યોજના કરી છે કે, વિદ્યાર્થી સૂતર આપે એટલે તેના બદલામાં ખાદી આપવી. જેવું સૂતર હોય તેવી ખાદી આપવામાં આવે છે. તે સૂતર પાછું વણાવી લેવામાં આવે છે. આમ તરત ખાદી મળી જાય છે, એટલે વિદ્યાર્થી જલદી સ્વાવલંબી બની જાય છે. કોઈ પોતાના જ સૂતરની ખાદી વણાવવાનો આગ્રહ રાખે તો તેને તેમ કરવાની છૂટ આપવામાં આવે છે. તે સૂતર વહેલું વણાઈ જાય એમ કરવામાં આવે છે. કેટલીક વાર બબ્બે ત્રણત્રણની ટુકડી બનીને ખાદી વણાવી લે છે.

પૂણી માટે કેટલાક રૂ લે છે, કેટલાક તૈયાર પૂણી લે છે. રૂ લે છે તે પીંજણ પર પીંજીને પૂણી કરી લે છે. તેમાં મોટા નાનાને મદદ કરે છે યા પૈસાથી લેવડદેવડ કરી કામ કરે છે. એ રીતે વિદ્યાર્થી કમાણી કરે છે, તે તેની પોતાની ગણાય છે. આમ સહેજે બધા કાપડમાં સ્વાવલંબી થઈ શકે છે. કોઈ પણ છાત્રાલયમાં વિદ્યાર્થીઓ સહેજે તે કરી શકે. સ્વાવલંબનનું આ પહેલું પગથિયું છે.

મોજશોખ માટે સ્વાવલંબન

ઘણા વિદ્યાર્થીઓને વાળ રાખવાનો શોખ હોય છે, અને પછી તો તેલ નાખવાની ફરજ પણ આવી પડે છે. ત્યારે શું કરવું? એ પ્રશ્ન અમારી પાસે આવ્યો.

શરૂઆતમાં બધા વાળ સંચાથી પરસ્પર કાપી લે એવી ગોઠવણ અમે કરી હતી. ત્યારે કેટલાક વિદ્યાર્થીઓ વાળ ખૂબ વધી જાય તોપણ કપાવે નહીં અને સરખા વાળ ન થઈ જાય એ માટે સાવધાન રહેવા પ્રયત્ન કરતા હતા. તેથી જૂ પડવાનો સંભવ રહેતો હતો. અમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો સ્વચ્છતાની દૃષ્ટિએ ગરીબાઈ ને પોષાય તેવી યોજના કરી હતી. પણ પ્રશ્ન એ થતો કે, જે વિદ્યાર્થી અહીં આવ્યો છે તેને ઘેર તેલનું ટીપું ખાવામાં મળતું નથી, જે ઘેરથી પૈસા લાવી શકતો નથી, તેને વાળ કપાવવાનો ખર્ચ સંસ્થા આપે તે યોગ્ય ખરું? વળી તે કદાચ ઘેરથી પૈસા લાવે તોય તે વાળ કપાવવામાં ખર્ચે તેના કરતાં તે તેની વિશેષ ઉપયોગી જરૂરિયાતોમાં ખર્ચે તો તેટલો બોજો સંસ્થા પર અથવા માબાપ પર ઓછો પડે. એટલે એવું નક્કી કર્યું કે, મોજ-શોખ કરવા ઇચ્છે તે જાતે કમાણી કરીને કરે. મોજશોખની મર્યાદા સ્વાવલંબી જીવનમાં તો રહેવી જ જોઈએ અને આ રીતે રહી શકે. આ નિર્ણય કર્યો તેની સાથે રોકડ કમાણી કરવાના રસ્તા પણ નક્કી કર્યા.

અહીંનાં જે સમૂહ કામો છે તે બધાએ કરવાનાં જ હોય. તેમાં વધુ ઓછો સમય જાય, પણ તે તો બધાને માટે વારાફરતી કામ આવવાનું હોવાથી સરખું જ છે. પણ દરેક વિદ્યાર્થી મોજશોખના ખર્ચ માટે પોતાના ફાજલ સમયમાં જ કમાણી કરી લે. રોકડ કમાણી માટે અહીં જે કામો બહારની મજૂરીથી કરવામાં આવે છે, તે કામો-માંથી વિદ્યાર્થીઓના અંગત સમયમાં થઈ શકે તેવાં હોય તે વિદ્યાર્થીઓ કરે, અને તેની કમાણી તેમને મળે એમ વિચાર્યું. સમૂહખેતી કરવા તૈયાર થાય, તેમને સમૂહખેતી કરવા પ્રોત્સાહન આપવું. રોકડ કમાણી ન કરી શકે તે સ્વાવલંબી કમાણી માટે સૂતર આંટી કાંતી આપે. આવું સ્વાવલંબી કામ કરવા ઇચ્છનાર પોતાની સામાન્ય ફરજ તો બજાવે અને અભ્યાસ પણ નિયમિત કરે, એ તરફ ખાસ લક્ષ રાખવાનું સાથે નક્કી કર્યું. દાખલા તરીકે ખેતીકામ માગવા માટે કોઈ ટુકડી આવે તો એ ટુકડીવાળા બધા જવાબદારીના ભાનવાળા હોવા જોઈએ. વળી તેઓ કપડાંમાં સ્વાવલંબી બન્યા હોવા જોઈએ. આ જાતના સ્વાવ-લંબનમાંથી જે પરિણામ આવ્યું તે તાલીમની દૃષ્ટિએ અતિ ઉપયોગી લાગ્યું છે. જેમકે:—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. તોફાનઝઘડા કરવાનો સમય ઓછો થઈ ગયો.

૨. શનિ, રવિ કે તહેવારોની રજાઓના સમયનો ઉપયોગ સ્વાવલંબી થવામાં વપરાતો થયો.

૩. ઉદ્યોગનું વાતાવરણ ઊભું થયું.

૪. કમાણી કરીને પોતાનાં પુસ્તકો, નોટ, સાબુ, વગેરે ઘરમદદ સિવાય કેટલાક ખરીદતા થયા.

૫. સ્વમાનથી વાળ કપાવે અને તેલ પણ નાખે. પણ તેની મર્યાદા ઊભી થઈ.

૬. અંગત સ્વચ્છતા વધી.

૭. ભાગીદારીથી કમાણી કરીને સહકારી જીવનના પાઠ શીખતા થયા.

૮. આત્મવિશ્વાસ વધ્યો. ધ્યાન રાખીને, જવાબદારી સમજીને કામ કરવાની શક્તિ વધી.

આ રીતે સ્વાલલંબન જીવનઘડતરમાં ઘણો ઉપયોગી ભાગ ભજવે છે. દરેક છાત્રાલયમાં તેનો બને તેટલો આગ્રહ રાખવો જોઈએ. અમારા છાત્રાલયમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ પછાત કોમના હોવાથી તેમને શિષ્યવૃત્તિ મળે છે અને માબાપ તેમનું ખર્ચ ભોગવતાં નથી. એટલે અહીં અમુક અંશે વિશિષ્ટ પ્રકારની પરિસ્થિતિ છે એમ કહેવાય. પણ જ્યાં વિદ્યાર્થીઓ માબાપના ખર્ચે રહેતા હોય ત્યાં પણ જીવનઘડતરની દૃષ્ટિએ સ્વાવલંબનને ઉત્તેજન આપવું જોઈએ. તે દ્વારા જાતમહેનત કરવાની વૃત્તિને ઉત્તેજન મળે છે અને શ્રમનિષ્ઠા કેળવાય છે. વિશેષમાં વિદ્યાર્થીઓ પોતાના પગ ઉપર ઊભા રહેતાં શીખે છે અને તેજસ્વી બને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬

અંગત સમયની પ્રવૃત્તિઓ

અંગત સમય દરેકને માટે આવશ્યક છે. એ સમય કેવી રીતે ગાળવામાં આવે છે એ પરથી દરેકના જીવનનો સાચો ખ્યાલ આવે છે. એટલે છાત્રાલયમાં વિદ્યાર્થી પોતાના ખાનગી સમયનો ઉપયોગ કરે ત્યારે ગૃહપતિની આંખ રહેવી જોઈએ. જે છાત્રાલયમાં રસોઈ ઇ. કામો જાતે કરવાનાં હોય છે ત્યાં રોજ બહુ ફાજલ સમય રહેતો નથી. પરંતુ તેમને પણ રજાનો દિવસ કેમ ગાળવો એ સવાલ હોય છે ખરો.

જો તે સમય યોગ્ય રીતે ન ગોઠવાય તો ખોટે રસ્તે પણ દિવસ તો જાય જ. આ સમયમાં ઘરમાં રમવાની રમતો કેટલેક ઠેકાણે રાખવામાં આવે છે. બોચાસણના અમારા છાત્રાલયની તપાસ માટે અધિકારી આવે છે. તેમણે એક વખત લખ્યું કે અહીં (Indoor games) ઘરની રમતો નથી. પહેલે વર્ષે ટીકા કરી ત્યાર પછી તેમને રૂબરૂ મળીને વાત કરી. પરંતુ બીજે વર્ષે પણ તેવી જ નોંધ લખી. એટલે તેમને જણાવ્યું કે, અહીં નવરાશના સમયમાં બાળકો ખેતીકામમાં અને બીજા ઉત્પાદક કામમાં મશગૂલ રહે છે, આનંદથી રહે છે; અને તેમને તે બોજારૂપ નથી લાગતું પણ તેમાંથી કમાણી મેળવવાનો આનંદ ભોગવે છે. તેમને માટે ઘરની રમતો કઈ સૂચવો છો ? ત્યાર પછી પાનાં ઇ. રમતોની વાત છોડીને અમારી પદ્ધતિ વિશેષ મહત્ત્વની છે તે સ્વીકાર્યું. આજે નવરાશના વખત માટે નવી નવી રમતો શોધાય છે ત્યારે અમે ઉત્પાદક પ્રવૃત્તિઓ શરૂ કરી છે. તેમાંની કેટલીક નીચે મુજબ છે: —

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. સ્વાવલંબી ખેતી

અમારા છાત્રાલયમાં કોઈ એક જણ ખેતી કરતો નથી પણ સમૂહમાં કરે છે. એક ટુકડી નક્કી કરીને કહે છે કે અમને ખેતી આપો. અમે તેમની કાપડમાં સ્વાવલંબી થવાની ખાતરી કરી લીધા પછી તેમની શક્તિ જોઈ જમીનનો ટુકડો આપીએ છીએ અને શું કરવું તેની દોરવણી આપીએ છીએ.

૨. દળવું

છાત્રાલયના કાર્યક્રમમાં દળવાનું હોય છે. પણ તે પૂરું પડે એમ ન હોય ત્યારે કોઈ દળવા ઇચ્છે તેને તે કામ સોંપવામાં આવે છે.

૩. કાંતવું

પોતાના સ્વાવલંબન ઉપરાંત કાંતીને ખાદી વણાવી વેચી શકે છે અથવા વધારાની ખાદી ઘેર આપી ઘરમાં મદદ કરી શકે છે.

૪. પૂણી કરવી

કોઈ વિદ્યાર્થીને પીંજી આપે અથવા પૂણી વાળી આપે.

૫. છાપરું સંચારવું.

૬. ગૌશાળા માટે ઘાસ કાપવું, ખસેડવું વગેરે

૭. માલસામાન ખસેડવો

૮. આંબા વેડવા

૯. વાળ કાપવા

પ્રથમ બે કાર્યોમાં ઓછા સમયમાં ઠીક ઠીક કમાણી થતી હોવાથી તે કામો વિશેષ પ્રમાણમાં થાય છે.

છેલ્લાં ચાર કામોમાં બહારના માણસોની મદદ તેટલા પ્રમાણમાં ઓછી લેવામાં આવે છે.

મજૂરીનું ધોરણ બહાર જે હોય છે તે હિસાબે જ રાખવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેતી માટે ખાતર, બી, પાણી આપવું, રજાઓમાં શાક ઇ. સાચવીને વેચાણ કરવું, તે અંગેની વ્યવસ્થા વિદ્યાલય તરફથી કરી આપવામાં આવે છે અને તેમાં આવકના લગભગ અર્ધા ભાગ જેટલું ખર્ચ થાય છે. તેથી તેની આવકમાંથી ખર્ચ બાદ જતાં બાકીનો અર્ધો ભાગ વિદ્યાર્થીને મળે છે.

આ જાતની વ્યવસ્થા કરવાથી નીચેના લાભ થાય છે:

૧. વિદ્યાર્થીને મહેનતનો ચોખ્ખો અર્ધો હિસ્સો મળે છે, અને સંસ્થાને કંઈ નુકસાન થતું નથી.

૨. છાત્રાલયમાં યોગ્ય ભાવે તાજાં શાકભાજી મળે છે.

૩. શાકભાજી લાવવા માટે કંઈ વિશેષ ખર્ચ કરવાનો રહેતો નથી.

૪. વિવિધતા મળે એ માટે બધી જાતની શાકભાજી કરવામાં આવે છે. તેથી તે અંગેની કેળવણી મળે છે અને પ્રત્યક્ષ ખેતીનું શિક્ષણ મળે છે.

૫. સહકારથી કામ કરવાની અને બીજા માટે ઘસાવાની વૃત્તિને ઉત્તેજન મળે છે.

અંગત સમયના સદુપયોગ માટે આવાં ઉત્પાદક કામોની યોજના દરેક છાત્રાલયે પોતપોતાની અનુકૂળતા પ્રમાણે કરવી જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

જવાબદારીનાં કાર્યો

સમૂહમાં કાર્ય કરવા માટે શાળામાં શાળાપંચાયત સ્થાપવામાં આવે છે અને સફાઈ, પાણી ભરવું વગેરે કામો માટે મંત્રીઓ ચૂંટાય છે. તેઓ જાતે કામ કરે છે. ઉપરાંત પોતાની ટુકડીને ભાગે આવેલું કામ બરાબર થઈ જાય એનું ધ્યાન રાખે છે.

છાત્રાલયમાં રસોઈ કરવાની હોય કે સફાઈ કરવાની હોય, માંદાની માવજત કરવાની હોય કે મહેમાનની વ્યવસ્થા કરવાની હોય તે બધું બરાબર થાય એની મંત્રીને કાળજી રાખવાની હોય છે. વળી ટુકડીઓ દર અઠવાડિયે બદલાતી હોવાથી મંત્રીને બધાં કાર્યોનો અનુભવ મળે છે અને કસોટી પણ થાય છે.

છાત્રાલયમાં વિદ્યાર્થી નવો દાખલ થાય ત્યારે તેને માથે તો ટુકડીના નાયકે સોંપેલું કામ કરવા પૂરતી જવાબદારી હોય છે. પછી ધીમે ધીમે તે કામ જોઈ જોઈને પોતે બરાબર કરતો થઈ જાય છે અને કામની કુશળતા મેળવે છે. ત્યાર બાદ તેને જવાબદારીનાં કામ સોંપાય છે.

આ જવાબદારીઓ એવી છે કે તેમાં ભૂલ થાય તો બધાને ભોગવવું પડે છે. ઘંટ વગાડનાર ભૂલી જાય તો ઘણાનો સમય બગડે. રસોઈ કરનાર બેધ્યાન રહે તો બધાને તેનું પરિણામ ભોગવવું પડે. આમ દરેક જણે જવાબદાર બનવાનું હોય છે. એ રીતે તેને તાલીમ મળે છે, અને તે જવાબદારી શીખે છે. સમૂહજીવનનો એ મોટો લાભ છે.

બે વર્ષની તાલીમ પછી વિદ્યાર્થીને કોઠારના કામની બધી જવાબદારીનું કામ એક માસ માટે સોંપવામાં આવે છે. તેને નાસ્તાનો સામાન તથા સવાર-સાંજનું સીધું જોખીને કાઢવાનું હોય છે, તેનો હિસાબ નોંધવાનો હોય છે અને દર મહિને માલનો સ્ટોક લેવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય છે; તથા આવક-જાવકનો હિસાબ મેળવવાનો હોય છે. કોઠાર ચોખ્ખો અને વ્યવસ્થિત રાખવાનો હોય છે. બીજે મહિને તે નવા વિદ્યાર્થી-મિત્રને અઠવાડિયું શીખવીને પછી છૂટો થઈ બીજાં કામોમાં ભળી જાય છે. એ રીતે તે સવા મહિના માટે કોઠારી તરીકેની જવાબદારી સંભાળે છે.

એવી રીતે છાત્રાલયના મુખ્ય મંત્રીની ચૂંટણી પણ એક મહિના માટે થાય છે. તે ટુકડીઓ પાડીને કામની વહેંચણી કરવાનું કામ કરે છે; અને બધાને સરખું કામ મળે એ રીતે કામની ગોઠવણી કરે છે.

આમ જવાબદારીના અને નેતૃત્વના પાઠ વિદ્યાર્થીજીવનમાં શીખવાના મળે છે.

છાત્રાલય મોટું કુટુંબ છે; તેને વ્યવસ્થિત, પદ્ધતિસર, જીવંત રાખવાનું છે. એટલે તેને લગતા જે કોઈ પ્રશ્નો આવે તેનો ઉકેલ કરવો રહ્યો. એક યંત્રમાં તેના બધા ભાગ બરોબર પોતાની ફરજ બજાવે તો તે સુંદર ચાલે છે, તેમ બધા પોતપોતાને ભાગે આવેલું કામ બરાબર કરે, તો કામ સુંદર થાય છે. નહિતર અવ્યવસ્થા થાય છે. યંત્રને સરખું રાખવાનું કામ ગૃહપતિનું છે. કુશળ સંગીતશાસ્ત્રીની માફક તેણે જુદા જુદા તારમાંથી મધૂરું સંગીત કાઢવાનું છે, અને વિદ્યાર્થીઓને તાલબદ્ધ જીવન જીવતાં શીખવવાનું છે. તે ભૂલ્યો તો બસૂરો, ખોખરો અવાજ નીકળવાનો. પરિણામે છાત્રાલયનું જીવન બગડશે અને વિદ્યાર્થીનું ભાવિ જીવન પણ બગડશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮

ખોરાક

અમારા છાત્રાલયમાં મોટે ભાગે પછાત વર્ગના વિદ્યાર્થીઓ હોય છે. તેથી અમારા જેવાં છાત્રાલયોના ખોરાક અંગે કેટલાક કહે છે કે, પછાત વર્ગના છોકરાઓને તેઓ ઘેર જે ખાય છે તે જ ખોરાક આપવો. જેમકે કોદરી, રોટલા, કઢી, શાક અને તેલ. ઘઉં, ચોખા, દૂધ, ઘી પણ કોઈક વખત આપવાં. આ સૂચના પાછળ દલીલ એ છે કે, તેવો ખોરાક ઓછા ખર્ચે થાય અને ઘેર જે મળે છે તે જ મળે તો તેનો સ્વાદ મર્યાદિત રહે. જો સારો ખોરાક આપીએ તો ખર્ચ વિશેષ થાય અને તેને ઘેર જવાનું મન થાય નહીં. પછી તેને ઘર ગમશે નહીં અને ઘરના ખોરાક ઉપર અરુચિ થશે. તેને ઘરનો ધંધો હશે તોય તે ઘેર જશે નહીં, પણ શહેરમાંની નોકરી માટે ફાંફાં મારશે. છેવટે નહીં ઘરનો અને નહીં ઘાટનો એવી સ્થિતિ થશે. આ વિચારવા જેવો સવાલ છે. પણ સાથે વિચારવાનું એ છે કે, પછાત વર્ગનાં બાળકોને પૂરતા પોષણ વિનાનો ખોરાક આપવો યોગ્ય છે? સંસ્થાની ફરજ નથી કે બાળકને પૂરતા (સમાજમાં શક્ય હોય તેટલા પ્રમાણમાં) પોષણવાળો ખોરાક આપે? જો પૂરતા પોષણવાળો ખોરાક મળે તો જેમની આર્થિક સ્થિતિ સારી હશે તેમનાં બાળકો પણ છાત્રાલયમાં સાથે રહી શકશે. અમારી દૃષ્ટિ હંમેશ એવી રહી છે કે, બધી કોમનાં અને બધી સ્થિતિનાં બાળકો સાથે રહે, ખાય, પીએ અને બધા એક કુટુંબનાં હોય તેવી રીતે વર્તે. આ સંસ્કાર પડે તો સમાજમાંથી ઊંચનીચના, ગરીબતવંગરના ભેદ ટાળવામાં મદદ થાય. વળી વર્ગ-વિહીન સમાજરચના કરવી હોય તોપણ ખોરાક બધાને અનુકૂળ આવે એવો રાખવો જોઈએ. વિશેષમાં અહીં વિદ્યાર્થીઓ શ્રમપ્રધાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવન ગાળતા હશે એટલે ઘરના જીવનથી ભાગશે નહિ. આવા વિચારથી અમે ખોરાકનું ધોરણ વિચાર્યું. તેમાં અનુભવે ફેરફાર કરતાં કરતાં આજે નીચેના મુદ્દા સ્થિર થયા છેઃ—

૧. લોટ હાથની ઘંટીનો વાપરવો. ચોખા, દાળ, હાથછડનાં વાપરવાં.

૨. ખોરાકનાં પોષક અંગો રાંધવામાં બળી ન જાય તે જોવું. ખોરાકમાં બધાં જ પોષક અંગો મળે તે રીતે ખોરાક તૈયાર કરવો.

૩. શાકભાજી, ફળ, ઋતુઅનુસાર વધુ પ્રમાણમાં આપવાં. તે તાજાં હોય પણ બહુ મોઘાં ન હોય તેવાં વાપરવાં. કદીક તેના વગર ચલાવી પણ લેવું. શાક બને તેટલું સંસ્થામાં ઉગાડી લેવું. તેમાંથી કાચું ખાવાયોગ્ય હોય તે કાચું લેવું અને રાંધવાયોગ્ય હોય તે વરાળ યા પાણીથી બાફીને બનાવવું.

૪. ખોરાક બહુ મસાલેદાર અને તીખો તમતમતો નહીં, પણ સાદો અને રુચિકર બનાવવો.

૫. ખાવાના ત્રણ જ સમય રાખવા : નાસ્તો તથા સવાર સાંજનું ભોજન. તે ઉપરાંત કંઈ નહિ. કેરી, કેળાં, બોર, પપૈયાં, પોંક, ઊંધિયું જેવી સહેજે મળે તે ચીજો નાસ્તા અથવા ભોજન વખતે અપાય તે જ.

૬. વિદ્યાલયની વાડીમાં જે ફળ કે શાકભાજી થાય તે પ્રથમ વિદ્યાર્થીઓને મળે. પછી વધે તે વેચવામાં આવે. આમ કરવાથી સ્થાનિક ફળ ખાવા મળે છે અને બગાડ કે ચોરી થતાં નથી.

ખોરાકનું પ્રમાણ

સામાન્ય રીતે રોજ સરેરાશ ખોરાકનું પ્રમાણ જણ દીઠ નીચે પ્રમાણે ગોઠવાયું છે:—

૪૦ તોલા અનાજ તથા કઠોળ (ઘઉં, બાજરી, ચોખા, ચણા, ચણાની દાળ, તુવેર વગેરે)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૦ તોલા દૂધ અગર દહીં (બપોરે ૧૦ તોલા દહીં અને સાંજે દૂધ), ૨૦ તોલા શાકભાજી (કચુંબર, ફળ વગેરે), ઘી તોલો ૧, ગોળ તોલા ૩ અને તેલ તોલા ૨.

નાસ્તો :—નાસ્તામાં ગળી રાબ, મગફળી-ગોળ, વઘારેલા ચણા, શેકેલા ચણા, ભાખરી—દૂધ, ભાખરી-ગોળ, કેરી, ખજૂર, પપૈયાં, કેળાં, ઊંધિયું, શકરિયાં, પાપડી તથા અન્ય સ્થાનિક ફળો.

બપોરે :—ભાખરી યા રોટલા, ૧૦ તોલા દહીં, સાથે દાળભાત, દાળભાતને બદલે ખીચડીકઢી પણ થાય છે. ચૂલી પણ કરવામાં આવે છે.

સાંજે :—ભાખરી યા રોટલા, ખીચડી, શાક, દૂધ; કોઈ વાર ઢેબરાં, ઢોકળાં વગેરે. આ ખોરાક સામાન્ય રીતે આપવામાં આવે છે. પણ કોઈ વખત દૂધ ઓછું મળે, શાક ન હોય, દહીં પણ ઓછુંવત્તુ હોય. ઘરમાં જેમ સગવડ પ્રમાણે થાય છે તેવું અહીં પણ થાય છે. કેરી, લીંબુનું અથાણું અહીં જ બનાવાય છે અને સગવડ પ્રમાણે અપાય છે.

ખોરાકનો બગાડ અટકાવવા માટે:—રાંધેલો ખોરાક ન બગડે તે માટે એવો નિયમ કર્યો છે કે ચૂલી, ખીચડી જેવો ઝટ બગડે એવો ખોરાક હોય તેને પ્રથમ પીરસી દેવો. જેમકે:—બપોરે અને સાંજે પહેલી વખત ભાખરી અને ભાત બન્ને પીરસાય. ત્યાર બાદ ભાખરી રોટલા પીરસાય. આથી વધે તે ભાખરી કે રોટલા બીજે ટંકે આપી દેવાય.

ખોરાક કોઈ વખત બગડે કે ઘટે ત્યારે શું? વિદ્યાર્થીઓ હાથો-હાથ રસોઈ કરતા હોવાથી નવોસવો વિદ્યાર્થી કદાચ ભૂલ કરે. કોઈ વખત મીઠું ભૂલી જાય અથવા ખોરાક ઘટી પડે. દાળના પાણીના પ્રમાણમાં વધઘટ થાય, ભાત ઢીલો થઈ જાય કે બળી જાય. દાળ પાતળી થાય કે જાડી થાય. આવા પ્રસંગો કોઈ કોઈ વાર આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ બધા તે શાંતિથી નભાવી લે છે. બધા સમજે છે કે, કોઈ વાર આપણી પણ ભૂલ થાય. એટલે આવા પ્રસંગે કોઈ હોહા કરતા નથી. વળી કોઈ વખત જમતી વખતે જ મહેમાનો આવી પડે તોય ખૂટતું નથી. આવેલા મહેમાનો બધા સાથે સમાઈ જાય છે. ઓછુંવત્તું હોય તો બધા સમજીને ચલાવી લે છે.

આથી એક પ્રકારની સહનશક્તિ અને સમજ કેળવાય છે તે મહત્ત્વની વાત છે. આવો પૌષ્ટિક અને પૂરતો ખોરાક આપવા છતાં નાસ્તા સાથે દૈનિક ખર્ચ રૂ. ૦–૧૨–૦ આવે છે. દૂધ શેર ૧ નો ભાવ ૦–૪–૦ અને શાક શેર એકનો ભાવ ૦–૧–૦ થી ૦–૩–૦ સુધીનો હોય છે. તેલ તલનું ઘાણીમાં પીલેલું વપરાય છે. હાલ તેનો ભાવ એક રૂપિયે શેર જેટલો છે. ઘીનો ભાવ શેર ૧ નો રૂ. ૨–૮–૦ ની આસપાસ હોય છે.

ભાખરી વગેરેમાં પાણી, મીઠું વગેરેના પ્રમાણ માટે નીચેનું કોષ્ટક બનાવ્યું છે:—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસોઈમાં વપરાતી ચીજોનું પ્રમાણ

ખોરાકનું નામ	તુવર, મગ યા બીજું કઠોળ તોલા	ચોખા તોલા	ઘઉંનો લોટ તોલા	બાજરીનો લોટ તોલા	ચણાનો લોટ તોલા	ઘી આની	તેલ તોલા
ગળી રાબ	—	—	૪૦	—	—	—	૧૦
ખારી રાબ	—	—	૪૦	—	—	—	૧૦
ખીચડી	૧૩।	૨૬।।	—	—	—	—	—
ભાત	—	૪૦	—	—	—	—	૩
ગળી થૂલી	—	—	૪૦	—	—	—	૧
ખારી થૂલી	—	—	૪૦	—	—	—	૧
દાળ છૂટી અથવા લચકો	૪૦	—	—	—	—	—	—
નરમ દાળ	૪૦	—	—	—	—	—	૨
દાળઢોકળી	૪૦	—	૯૦	—	૪૦	—	—
ભાખરી	—	—	૪૦	—	—	—	૨
રોટલી	—	—	૪૦	—	—	—	૨
રોટલા	—	—	—	૪૦	—	—	—
શાક શેર ૧	—	—	—	—	—	—	૧
કઢી–છાશ શેર ૧	—	—	—	—	૧।	૨	—
ઢેબરાં	—	—	—	૪૦	—	—	૫
ખીર–દૂધ શેર ૧	—	૫	—	—	—	—	—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોળ	પાણી	મીઠું	હળદર	રાઈ	મરચાં	જીરું	અજમો	ખાંડ
તોલા	શેર	તો. આ.	આની	તોલા	આની	આની	આની	તોલા
૪૦	૧૩	—	—	—	—	—	—	—
—	૧૩	૨–૮	—	—	—	—	—	—
—	૪	૧–૦	૨	—	—	—	—	—
—	—	—	—	—	—	—	—	—
૨૦	૪	—	—	—	—	—	—	—
—	૪	૧–૦	—	—	—	—	—	—
—	૨॥	૧–૮	—	—	—	—	—	—
૬	૧૦	૩–૦	૬	૧॥	૫	—	—	—
૬	દાળમાં ૨૬	૫–૮	૬	૧॥	૫	—	—	—
	લોટમાં ૧॥	૩–૪	૬॥	—	—	—	—	—
—	૦॥	—	—	—	—	—	—	—
—	૦॥=	—	—	—	—	—	—	—
—	૦॥=	—	—	—	—	—	—	—
શાકની જાત મુજબ		૦–૧૦	૩	૦।	૦॥	૪	૪	—
૦॥।	—	૦–૮	૦॥	—	૦॥	૨	—	—
—	—	૧–૦	૨	—	—	—	—	—
	—	—	—	—	—	—	—	૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ કોષ્ટક અનુભવથી નક્કી કરી રસોડામાં રાખ્યું છે. તેથી વિદ્યાર્થીઓ સરળતાથી રસોઈ બનાવે છે, અને ભાગ્યે જ રસોઈ બગડે છે. આ ખોરાકમાં સામાન્ય રીતે કૅલરીનું પ્રમાણ ૨૬૦૦ આવે છે. આમ છતાં આ ખોરાક પૌષ્ટિક છે. તેથી બધી કોમના અને બધી સ્થિતિના વિદ્યાર્થીઓને, તેમ જ કાર્યકરોને પણ માફક આવ્યો છે.

નાનાંમોટાં રસોડાં

જ્યાં નોકરચાકર અને રસોયા નથી ત્યાં રસોડામાં કેટલી સંખ્યા અનુકૂળ પડે એ પ્રશ્ન વિચારવા જેવો છે.

જેમકે ૧૦થી ૧૫નું એક, એવાં રસોડાં રાખવાં હોય અને ૬૦ વિદ્યાર્થી છાત્રાલયમાં હોય તો ૪ થી ૬ રસોડાં કરવાં જોઈએ.

આ પદ્ધતિથી દરેક રસોડામાં રસોઈ કરનાર બબ્બે જણ જાય તોય ૮થી ૧૨ વિદ્યાર્થીઓ જોઈએ. એમાં સમયનો બચાવ ન થાય. લાકડાં અને રસોડાખર્ચ પણ વધે. કારણ કે દરેક રસોડે થોડું થોડું વધે તોય સરવાળે ૫ માણસ ખાય તેટલું રોજ વધે.

વિદ્યાલયના રસોડે ૬૦ જણ જમે છે. પણ ૧૦૦ વિદ્યાર્થી હોય તોય મુખ્ય રસોડું એક રાખવું ઠીક પડે. દાળ, ભાત, ખીચડી, શાક વગેરે એક સાથે બધાનું બને. રોટલા, ભાખરી જેવી ચીજો બે રસોડે બનાવે તો ચાલે. જમવા તો બધા સમૂહમાં સાથે જ બેસે. આ પદ્ધતિથી ખર્ચ ઓછો આવે, સમય બચે અને મોટા સમૂહમાં વિદ્યાર્થીઓને વિશેષ આનંદ આવે.

મગનચૂલો

આવા સમૂહરસોડા માટે મગનચૂલો બહુ લાભદાયક છે. તે પદ્ધતિના ચૂલાથી લાકડાં ઓછાં બળે છે, (વિદ્યાલયમાં મગનચૂલો છે તેનો અનુભવ એ છે કે, ઓછામાં ઓછા ૨૫ ટકા લાકડાંનો બચાવ થાય છે.) ધૂણી થતી નથી; અને ત્રીજો લાભ એ છે કે ફૂંકવું પડતું નથી. એવા ચૂલા માટે મોટો ખર્ચ કરવો પડતો નથી.*

---

* 'મગનચૂલા'ની માહિતી તથા નમૂના ગ્રામોદ્યોગ સંઘ, મગનવાડી, વર્ધા (મધ્ય પ્રદેશ) તરફથી તૈયાર કરવામાં આવ્યા છે. ત્યાં લખવાથી મળી શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

રસોડાનાં કામો

જેમ સફાઈકામ હલકું ગણાય છે તેવું જ રસોઈનું કામ હલકું ગણાય છે. રસોઈ કરતાં ઘંટીનું વિશેષ ગણાયું છે. આને કારણે ખોરાકમાં આરોગ્યપોષક દૃષ્ટિ બદલાઈને સ્વાદની અને દેખાવની દૃષ્ટિ દાખલ થઈ છે.

હાથે દળી લેવામાં અને રસોઈ કરવામાં હલર અને રસોયાની ગુલામીમાંથી મુક્તિ મળે છે એ એનો પ્રધાન ગુણ છે. તેની સાથે સ્વચ્છતા, પોષણ, કસરત અને આર્થિક લાભ થાય એ વધારામાં.

મોંઘો કરીને આરોગ્ય બગાડે એ રીતે આજે ખોરાક બધે રંધાય છે અને ખવાય છે. હાથઘંટીના હાથે દળેલા લોટમાં બધાં પોષક અંગો સચવાઈ રહે છે. યંત્રઘંટીમાં તેમ નથી થતું. વળી હાથ-ઘંટી પર જ્યારે જરૂર હોય ત્યારે દળી લેવાય છે. એટલે તાજો લોટ મળી શકે છે. ડાંગર તથા તુવર હાથઘંટીએ ભરડાય તો ફક્ત ઉપરનું પડ જાય છે. પણ અંદરનું વીટામીનનું પડ કાયમ રહે છે. યંત્રઘંટીમાં તે પડ નીકળી જાય છે એટલે તેટલા પ્રમાણમાં પોષક અંગો નાશ પામે છે.

એટલે જો હાથે દળેલું અને છડેલું ખાવાનો આગ્રહ રાખવામાં આવે તો નીચેના લાભ થાય :

૧. ખાવાની ચીજોની મર્યાદા બંધાશે અને શરીર સારું રહેશે.

૨. તે ચીજોનાં પોષક અંગો સચવાશે અને ખોરાક રાંધવામાં પણ સરળતા થશે.

૩. હાથનું ભોજન મીઠું લાગશે. તેને પચાવવા માટે મુશ્કેલી નહિ પડે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. આર્થિક દૃષ્ટિએ પણ લાભ જ થશે.

૫. અનાજ ઇ. નો બગાડ નહિ થાય.

૬. વિદ્યાર્થીઓની શોધકવૃત્તિને એ દ્વારા ઉત્તેજન મળશે. અમારે ત્યાં ઘંટી પર કામ કરીને વિદ્યાર્થીઓએ ઘંટી હલકી ભારે કરવાની સરળ રીત શોધી અને હાથે આંટણ ન પડે તે માટે હાથામાં સુધારો કર્યો.

આ દૃષ્ટિએ છાત્રાલયમાં અને ઘરોમાં આવાં કામ બધા મળીને જાતે કરે એ જરૂરી છે. તે જીવનઘડતરમાં મદદગાર થાય છે.

રસોડાના એકેએક કામમાં સમૂહમાં કેવું ધ્યાન રાખવું જોઇએ તે અંગે અમે કેટલીક સૂચનાઓ ઘડી કાઢી છે. તે રસોડું ચલાવનાર દરેકે લક્ષમાં લેવા જેવી છે. વિદ્યાર્થીઓનું તે દ્વારા કેવું ઘડતર થાય છે તેનો ખ્યાલ પણ તે ઉપરથી આવશે.

વિવિધ સૂચનાઓ

(૧) રસોઈ કરનાર માટે

૧. રસોઈ કરવાનાં વાસણો પાણીથી ધોઈને વાપરવાં.

૨. ચોખા, દાળ વગેરે સાફ છે કે કેમ તેની ખાતરી કરી ધોઈને વાપરવાં.

૩. ભાત યા ખીચડીનું ઓસામણ કાઢવું નહીં. પણ એને બેઠાં ચઢવા દેવાં.

૪. દરેકમાં નક્કી કરેલા કોઠા મુજબ માપથી પાણી નાખવું. (કોઠો જુઓ પા. ૨૬–૨૭).

૫. લોટ ચાળીને વાપરવો.

૬. લોટ બરાબર મસળીને બાંધવો.

૭. લોટ બહુ ઢીલો તેમ જ બહુ કઠણ નહિ રાખવો.

૮. રોટલા યા ભાખરી વણતાં બરાબર ગોળ અને સરખાં થાય તે જોવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯. ભાખરી વાટકાથી કાપીને ગોળ ન કરવી, પણ વણીને ગોળ કરવાનો પ્રયત્ન કરવો.

૧૦. દાળ, ભાત ઇ૦ હલાવવા માટે રાખેલાં સાધનો નીચે ગમે ત્યાં ન મૂકતાં એક થાળી રાખી તેમાં મૂકવાં.

૧૧. મોટાં તપેલાં ઊંચકવા માટે સાણસી નહીં વાપરતાં મસોતાં વાપરવાં.

૧૨. ચૂલો સળગાવવામાં ઘાસલેટ ન વાપરવું; પણ લાકડાની છોલ, શણિયાં, સાંઠી હોય તો તેનાથી સળગાવવો. તેમાંથી એકે ચીજ ન હોય તો કપડાની કાકડી બનાવી તેને બળેલા રૂડથી કે ઘાસલેટથી ભીની કરી સળગાવવી અને તેના પર લાકડાનો માળો કરી ચૂલો સળગાવવો.

૧૩. ચૂલામાં લાકડાં એકી સાથે બહુ નહિ નાખવાં, પણ તેની ગરમી નકામી ન જાય એટલાં નાંખવાં.

૧૪. લાકડાં યા કોલસાની ગરમી નકામી ન જાય તે જોવું.

૧૫. રસોઈ થઈ ગયા બાદ લાકડાં પૂરાં ઓલવીને મૂકવાં.

૧૬. કોલસા માટલામાં ભરી દીધા પછી માટલું બંધ કરવું, એટલે કોલસા ઓલવાઈ જશે.

૧૭. માટલું ભાંગી ગયું હોય તો તેમાં કોલસા ન ભરવા પણ સાજું માટલું વાપરવું.

૧૮. કોલસા ભરતાં રાખ માટલામાં ન જાય તે જોવું. રાખ ઇ. નક્કી કરેલા જુદા વાસણમાં નાંખવી. તેનું ખાતર થાય.

૧૯. રસોઈ થઈ ગયા બાદ ચૂલા વાળીને સાફ કરવા. પાણીની ચોકડી પણ ધોઈ નાખવી.

૨૦. અભરાઈ વાળીને વાસણો બરાબર ગોઠવી દેવાં.

૨૧, લોટનું ચળામણ રસોડામાં નક્કી કરેલા ડબામાં ભરવું.

૨૨. શાકનાં છોતરાં ઇ૦ ઢોર ખાઈ શકે તેવાં હોય તો કચરાના ડબામાં ન નાંખતાં ઢોરને નાંખવાં. અથવા ખાતર થાય એવા નક્કી કરેલા ખાડામાં નાંખવાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૩. જમવાનો ઘંટ વગાડતા પહેલાં રસોડું યા ચોક વાળેલાં હોવાં જોઈએ.

૨૪. જમવાનો ઘંટ વગાડતા પહેલાં પીરસવાની બધી તૈયારી કરી લેવી. કચુંબર, ઘી, મીઠું વગેરે પીરસવાનું બધું તૈયાર રાખવું.

૨૫. સવારસાંજનું વધેલું કંઈ હોય તો તે જોઈ લેવું. પીરસવા, ન પીરસવાની ચીજો અલગ રાખવી.

૨૬. જમવામાં યા નાસ્તામાં કેળાં યા કેરી હોય તો તેનાં છોતરાં તથા ગોટલા ઢોર માટે જુદા રાખવા.

૨૭. છાશ, દહીં, કઢી જેવી ચીજો રાખવાનાં વાસણો કલાઈ-વાળાં વાપરવાં.

૨૮. મસોતાં રોજ સાબુથી ધોવાં.

(૨) વાસણસફાઈ માટે

૧. એઠું વાસણ પાણીથી સાફ કરીને બધું એઠું પાણી એઠવાડની ડોલમાં નાખવું.

૨. સફાઈ માટે ખાસ રાખેલી માટીમાંથી જોઈતી માટી લઈને વાસણ માંજવાં.

૩. વાસણમાં ઠીકરી યા એવી કોઈ કઠણ વસ્તુ ન ઘસવી, પણ બહુ ચોંટયું હોય તો કાથી યા ઘાસના કૂચાથી ઘસવું.

૪. વાસણ ધોયા પછી માટી ચોંટેલી ન રહે તે જોવું. વાસણ ધોવા માટે પાણી જરૂર પૂરતું કાળજીથી વાપરવું.

૫. વાસણ ચીકણાં, કાળાં તેમ જ એઠાં ન રહે તે જોવું.

૬. વાસણ સાફ થઈ ગયા બાદ નક્કી કરેલી જગ્યાએ મૂકવાં.

૭. મોટાં તપેલાં, તપેલી, કોરાં કરી ઊંધાં પાડીને રાખવાં તથા થાળીઓ, વાટકા, લોટા, પ્યાલા, ચમચા, કડછી વગેરે બધાં મુકરર કરેલે સ્થાને ઊંધાં, પાણી નીતરી જાય એમ મૂકવાં.

૮. તવો યા લોઢી ઈંટ યા નળિયાના ટુકડાથી સાફ કરવાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯. વાસણ માંજવા માટે ઓટલા ઉપર ન બેસતાં નીચે બેસવું. માટી ખપ પૂરતી જ લેવી.

૧૦. રસોઈ ઉપરાંતનાં વધારાનાં વાસણો અઠવાડિયામાં એક વાર સાફ કરવાં. પાટલા વગેરે પણ ધોવા જોઈએ.

૧૧. વાસણ તથા પાટલા વગેરે વ્યવસ્થિત રીતે તેમની મુકરર જગ્યાએ હારબંધ અથવા એક પર એક ગોઠવવા અને ગોઠવતાં અવાજ ન થાય એ જોવું.

(૩) રસોડા-સફાઈ માટે

૧. રસોડું ધોવાની શરૂઆત કરતા પહેલાં એઠું હોય તે વાળી લેવું અને તે એઠવાડની ડોલમાં નાખવું.

૨. ચૂલા સાફ કરી તેમના ઉપર માટીથી અબોટ કરવો.

૩. રસોડું ધોતાં બધા ખૂણાખાંચાઓ ધોવા અને પાણી ન ભરાઈ રહે તે જોવું.

૪. રસોડામાં વેરાયેલો લોટ ચોંટી ગયો હોય તે ઊખેડી લેવો.

૫. પાણી જવાની ગટરો રોજ સાફ કરવી.

૬. એઠવાડ, શાકનાં છોડાં કે એવું — કહોવાય કે ન કહોવાય તેવું કશું ચોકડીમાં કે ગટરમાં ન જાય તે જોવું.

૭. રસોડામાં હાથલુછણિયું લટકાવી રાખવું.

૮. હાથલુછણિયું દરરોજ ધોવું.

સાધન — હાથઝાડુ, ડોલ, બ્રશ, સાબુ, લોટો યા પ્યાલો.

(૪) પીરસનાર માટે

૧. પીરસવાનું શરૂ કરતા પહેલાં બધાએ હાથપગ બરાબર ધોઈ લેવા અને પીરસવાની બધી વાનગીઓ તથા પીરસવાનાં સાધનો ભેગાં કરી લેવાં તથા પીવાના પાણીની વ્યવસ્થા કરવી. દરેક શું પીરસશે તે નક્કી કરવું.

૨. પીરસતાં નીચે વેરાય કે ઢળે નહિ તે જોવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. માંદા હોય તેને લાયક ખોરાક મળે તે જોવું.

૪. મહેમાનની જરૂરિયાત જાણી લેવી. તે મુજબ તેમને પીરસવું.

૫. કોઈને એકી સાથે વધુ નહિ પીરસવું.

૬. જમવામાં બાકી રહેલાઓની ગણતરી કરી તેમની રસોઈ કાઢી લીધા બાદ ફરીથી પીરસવું.

૭. એક જ ચીજ ઉપરાઉપરી પીરસવા ન જવું.

૮. છો પર કે જમીન પર વાસણ ખેંચતા પીરસવું નહીં; પણ વાસણ હાથમાં લઈને પીરસવું. તે માટે જરૂર લાગે તો નાનાં વાસણ વાપરવાં.

૯. પીરસવું એટલે ખાવાના વાસણમાં યોગ્ય જગ્યાએ ઢોળ્યા વગર મૂકવું, નાંખવું નહીં.

૧૦. જમી રહ્યા બાદ રસોઈ વધે તે ફેંકી ન દેતાં જાળીવાળા પાંજરામાં રાખી મૂકવી. કોઈ વહેલામોડા આવે તો કામમાં આવે. ભાત, ખીચડી વગેરે વધે એવું હોય તે પ્રથમ પીરસવું. રાત્રે રાંધેલું વધારવું નહીં. છતાં વધે તો ઢોરને અગર ખાતરમાં કામમાં આવે તેમ કરવું. વધવાનું કારણ તપાસી ફરી ન વધે તેમ કરવું.

પીરસવાને માટે શરૂઆતમાં પંગતે પીરસવાને બદલે વિદ્યાર્થી થાળી લઈને હારબંધ પિરસાવે અને પોતાની જગ્યાએ બેસે એ વ્યવસ્થા વધારે અનુકૂળ લાગી છે. વધારાનું પછી પંગતે પીરસાય. આથી શ્રમ અને સમયનો બચાવ થાય છે.

(૫) જમનાર માટે

૧. જમવાનો ઘંટ વાગે એટલે વખતસર હાથપગ ધોઈને પોતાનાં વાસણો તથા આસન લઈને આવી જવું. ખાસ કારણ સિવાય હારમાં જગ્યા છોડીને બેસવું નહીં. એક હાર પૂરી થયે બીજી હાર શરૂ કરવી.

૨. જરૂર પૂરતી જગ્યા રોકી હારમાં વ્યવસ્થિત બેસવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. રસોડામાં શાંતિ રાખવી. મોટા અવાજથી વાત કરવી નહીં. જરૂર પૂરતું ધીમેથી બોલવું.

૪. થાળી પિરસાવતી વખતે એક પાછળ એક હારમાં રહેવું.

૫. જમતાં થાળીની આજુબાજુ એઠું ન પડે તે ધ્યાનમાં રાખવું.

૬. જમી રહ્યા બાદ થાળીની આસપાસનો એઠવાડ લઈને અબોટ કરી લેવો.

૭. લોટામાં વધેલું પાણી થાળીમાં ન ઢોળવું.

૮. હાથ ધોતી વખતે પાડોશીને છાંટા ન ઊડે તે જોવું.

૯. ખાવાનું જરૂર પૂરતું જ લેવું, છાંડવું નહીં.

૧૦. બરાબર ચાવીને ખાવું.

૧૧. જમતી વખતે મોંનો અવાજ ન થાય તે જોવું. થાળીવાટકો ધીમેથી મૂકવાં અને પાણી ન ઢળે તેવી રીતે લોટાપ્યાલો રાખવાં.

(૬) કોઠાર કામ માટે

૧. જમનારની સંખ્યા મુજબ સાફ કરેલા અનાજમાંથી નિયમ મુજબ સીધું કાઢવું.

૨. સીધું કાઢ્યા બાદ રસોડાના પાટિયા ઉપર શું કરવાનું છે તે વિગતવાર લખવું.

૩. જમવાના ઓરડામાં જમનારની સંખ્યા પાટિયા પર લખવી.

૪. કોઠારમાંની કોઈ વસ્તુ થઈ રહેતા પહેલાં મંગાવવા માટેની ખબર આપવી.

૫. શાક વગેરે મંગાવવાની તૈયારી પહેલેથી કરી રાખવી.

૬. સવારનું સીધું આગલી સાંજે અને સાંજનું બપોરે એમ અગાઉથી કાઢીને તૈયાર રાખવું.

૭. કોઠારમાં કોઈ વસ્તુ ઉઘાડી ન રહે તે જોવું.

૮. દરેક વસ્તુ વ્યવસ્થિત ગોઠવેલી રાખવી.

૯. સાફ કરેલું અને નહીં સાફ કરેલું અનાજ અલગ અલગ ચિઠ્ઠી ચોડેલાં જુદાં જુદાં વાસણોમાં રાખવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૭) અનાજ સફાઈ માટે

૧. ઘઉં કે મગ જેવું મોટા દાણાનું અનાજ સાફ કરવાનું હોય ત્યારે પહેલાં તેને ચાળી નાખ્યા પછી જ કાંકરા વીણવા.

૨. કાંકરા ગમે ત્યાં નહીં ફેંકતાં એકઠા કરી મુકરર સ્થળે નાખવા.

૩. નાની ઈયળ આવે ત્યારે આંગળી થૂંકવાળી કરીને તેને નહીં પકડતાં ધીરેથી કાઢી લેવી.

૧૦

સફાઈકામ

આજે સમાજમાં સફાઈકામ કરનાર હલકો ગણાય છે. તેથી ઘરમાં સ્ત્રી હલકી ગણાય છે, અને બહાર ભંગી હલકો મનાય છે. ખરી રીતે સમાજમાં બન્નેનું સ્થાન અગત્યનું ગણાવું જોઈએ. કેમકે સ્ત્રી ઘર ચલાવે છે અને સાફ રાખે છે અને ભંગી ગામ સાફ રાખે છે.

જે પૈસાદાર છે, ભણેલો છે, તેની જરૂરિયાતો વધી. મોજશોખ વધ્યા. એટલે તે પાણીનો, ખોરાકનો બગાડ ખૂબ કરતો થયો. તેને પરિણામે તેની ગંદકી ગામને વિશેષ ભોગવવી પડે છે. તેના ઘર પછવાડે પાણીની નદી ચાલતી હોય છે. એ ગંદકી માટે તેને કંઈ દુઃખ થતું નથી. પણ તેથી ગામને ભારે નુકસાન થાય છે. તેમ છતાં ગામમાં તે પ્રતિષ્ઠાવાળો ગણાય છે. સાચી રીતે તો એવું હોવું જોઈએ કે, જે ગંદકી કરે તે હલકો અને જે સફાઈ કરે તે પ્રતિષ્ઠિત ગણાવો જોઈએ. જો સમાજનું સ્વાસ્થ્ય સુધારવું હોય તો આ ભાવના વધારવી જોઈએ.

વર્ગમાં ભણવાથી કે ચોપડી ગોખવાથી આ ભાવના કેળવાતી નથી. એ તો ક્રિયા દ્વારા જ થઈ શકે. સાચું જ્ઞાન ક્રિયા દ્વારા જ મળે છે.

ઘરમાં ભાઈબહેનો પરત્વે જે ઊંચનીચ ભાવ ઘૂસી ગયો છે, તેવો ઊંચનીચ ભાવ શાળામાં પણ દાખલ થઈ ગયો છે. તે કાઢવા માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ કામો બધા જ કરે એવો આગ્રહ રાખવાની વિશેષ જરૂર છે. તે કેળવણીનો અતિ અગત્યનો ભાગ છે. આ ભેદભાવના પાયા પર આજના શિક્ષણની રચના છે. તે દૂર કરવા માટે કેળવણીમાં સફાઈનું સ્થાન મોખરે રહેવું જોઈએ.

આ સફાઈકામ બાબત અનુભવથી ઘડેલી કેટલીક સૂચનાઓ અહીં આપી છે. તેમાં પણ, બીજાં અનેક પ્રત્યક્ષ કામોની માફક સમૂહજીવનની તાલીમની કેટલી શકયતા પડેલી છે તે જણાશે. તેની સફળતાની એક માત્ર શરત એ છે કે, દરેક કામ કાર્યકારણનો સંબંધ સમજીને સમજપૂર્વક થવું જોઈએ.

૧. ઓરડા સફાઈ

૧. ઓરડાઓ, ઓસરી વગેરેની સફાઈ સાવરણીથી કરતાં જે જગાએથી શરૂઆત કરવામાં આવે ત્યાં ફરી પાછા જવું ન પડે એવી રીતે વાળવું.

૨. સાવરણી સરખી બાંધેલી રાખવી.

૩. ખૂણેખાંચરે, કબાટ, ટેબલ કે ઘોડા પર ધૂળ કે કચરો ન રહે એ જોવું.

૪. હાથ પહોંચે એટલે સુધી ભીંતે બાવાં, જાળાં ન રહે એ માટે સાવરણી ફેરવી લેવી.

૫. એથી ઊંચે દીવાલ પર, છબીઓ ઉપર કે છાપરામાં બાવાં — જાળાં હોય તે મહાસફાઈ વખતે કાઢી નાખવાં. નીચે વાળતાં પહેલાં એ પાડી લેવાં.

૬. છેવટે જે કચરો ભેગો થાય તે ભરી લઈ કચરાપેટીમાં નાખવો.

૭. ટેબલ વગેરે કપડાથી લૂછી નાખવાં.

૮. પાથરણાં હોય તો વાળતા પહેલાં ઝાટકીને વ્યવસ્થિત વાળી લેવાં તથા વળાયા પછી વ્યવસ્થિત પાથરી દેવાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધન

સાવરણી, કચરો ભરવાની સૂપડી, લાકડીએ બાંધેલું કપડું-ઝાટકણું.– સાવરણી દોરીથી બાંધીને પછી વાપરવાનો નિયમ રાખવો જોઈએ.

૨. ચોગાન સફાઈ

૧. ઊભા ઝાડુથી હલકે હાથે ચોગાન વાળવું અને ઝાડુ બાંધતાં–સુધારતાં શીખી લેવું.

૨. વાળતી વખતે કચરાની ઢગલીઓ કોઈના પગ તળે ન આવે એ માટે બને ત્યાં સુધી તે દીવાલની લગોલગ કે ખૂણામાં કરવી.

૩. જે કચરો એકઠો થાય તે મુકરર કરેલે સ્થળે ડબામાં ભરીને ખાતર કરવા માટે બનાવેલા ખાડામાં નાખી આવવો.

૪. નજીકમાં ફૂલઝાડ હોય તો વાળતા પહેલાં તેને આસ્તેથી હલાવીને સૂકાં પાંદડાં ખંખેરી લેવાં.

૫. ઘાસ હોય તો તે ખૂરપીથી ખોદી લેવું.

૬. ઈંટ, નળિયાં વગેરે જે હોય તે કચરા ભેગાં નહિ નાખતાં તેનો અલગ ઢગલો કરવો. લાકડાના ટુકડા મળે તો તે લાકડાં ભેગા નાખવા.

૭. કાચના ટુકડા મળે તો તે કાચ રાખવાના ડબામાં નાખવા.

૩. કચરાના ઢગલા

કચરો મુખ્યત્વે નીચેના પ્રકારોનો હોય છે:

૧. કાંકરા, ભાંગેલાં નળિયાં, માટીનું વાસણ ફૂટી ગયું હોય તેના ટુકડા, ઈંટના ટુકડા વગેરે.

૨. ફાનસના ગોળા, શીશી વગેરેના કાચના ટુકડા.

૩. કાગળ, પતરાળાં વગેરેના ટુકડા.

૪. લાકડાના ટુકડા.

૫. લોખંડનાં પતરાં, ખીલી, ખૂંટા વગેરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. ઇતર કચરો, એઠવાડ, પાંદડાં વગેરે.

ઉપર પ્રમાણે કચરાના ઓછામાં ઓછા ૭ વિભાગ કરવા. તેને અલગ અલગ નાખવાની વ્યવસ્થા કરી હોય ત્યાં નાખવું અને તેનો નીચે પ્રમાણે ઉપયોગ કરવો :—

૧. કાંકરા વગેરે ચણતર કામમાં, પાયા પૂરવામાં કે જ્યાં વરસાદના પાણીથી ખાડા પડી જતા હોય ત્યાં પૂરવાના કામમાં આવે; તે માટે તે અલગ અલગ રાખવા અને જરૂર પડચે તેનો ઉપયોગ કરવો. તે એવી જગાએ રાખવા કે જ્યાં અવરજવર ઓછો હોય અને વારંવાર ફેરવવા ન પડે.

૨. કાચના ટુકડા એકઠા કરેલા હોય તે વધુ પ્રમાણમાં એકઠા થાય ત્યારે બિનઉપયોગી જમીન હોય ત્યાં ઊંડો ખાડો કરી દાટી દેવા.

૩. કાગળ વગેરે બાળવા જેવું હોય તે બાળી દેવું. તેને માટીમાં દાબવા છતાં ઘણા વખત સુધી તેનું ખાતર બનતું નથી. એટલે તેને બાળી દેવું યોગ્ય છે. પતરાળાં માટીમાં મળી જાય પણ ઊડે નહીં એ માટે બાળી દેવાં સારું છે.

૪. લાકડાના ટુકડા બાળવાના કામમાં આવે તે માટે તે રસોડામાં આપવા જોઈએ.

૫. ઇતર કચરો તેને માટે નક્કી કરેલા ખાડામાં નાખવો. તે ખાડો ભરાઈ જાય એટલે તેમાં પાણી આપવું અને પછી ઉપર માટી વાળી દેવી. તેનું સુંદર ખાતર થશે.

એઠવાડ, પાંદડાં વગેરેનું સુંદર ખાતર થાય. તેથી તેને પણ તેમાં નાખવું. એઠવાડ નાખ્યા પછી તે પર રોજ થોડી માટી વાળવી, જેથી ગંધ ન નીકળે. આવા ખાડાનું ખાતર ત્રણ માસ પછી સારી રીતે કામમાં લઈ શકાય.

૬. લોખંડનાં પતરાં, ખીલા, ખૂંટા, કોઈનો પગ ન આવે એવા નિશ્ચિત સ્થળે રાખવાં. જરૂર પડચે એનો ઉપયોગ થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. જાજરૂ સફાઈ

૧. ખસેડવાનાં પાયખાનાં હોય તો, પાયખાનાં ફેરવવા જતાં મળ બરાબર ઢંકાયો ન હોય તો તે ઢાંકી દેવો. બેઠકનાં પાટિયાં અને ખાડાની લંબાઈ સમાંતર રહે એ રીતે જાજરૂ ગોઠવવાં.

૨. પાયખાનાનો ખાડો નવ ઇંચથી વધુ ઊંડો ન કરવો અને તેથી વિશેષ પહોળો ન કરવો. એટલી જમીન જીવતી હોવાથી તેટલા ઊંડાણમાં વહેલું ખાતર થઈ જાય છે. જેમ જેમ ઊંડા જઈએ તેમ તેમ ખાતર મોડું થાય અને ઉપયોગમાં ઓછું આવે.

૩. પાયખાનાનો ખાડો મળ અને માટીથી ઢંકાઈ રહે ત્યારે મળનો ટેકરો થવા માંડે છે. ત્યારે પાયખાનું ખસેડવાનું રાખવું.

૪. પાયખાનાની બેઠક સાફ કરવી.

૫. પાયખાનું ડોલતું ન રહેવું જોઈએ અને અંદર તથા બહારની સાંકળ વાસી શકાય એવું ગોઠવવું જોઈએ.

૬. પાયખાનામાં નાખવાની માટીનો ઢગલો બારણા તરફ ન કરતાં બીજી બાજુએ બે ત્રણ ફૂટના અંતરે કરવો.

૭. બેઠક બગાડેલી હોય તો પાણીથી ધોવી. નહિ તો ખાલી સાવરણથી વાળી નાખવી. બેઠક ભીની હોય તો કોરી માટી નાખી ઝાડુથી ઘસી નાખવી.

૮. બાવાંજાળાં દૂર કરવાં.

૯. ચોમાસામાં આજુબાજુ ઘાસ થયું હોય તો કાઢી નાખવું.

૧૦. માટીનાં રોડાં હોય તો ભાગીને ઝીણી માટી બનાવવી.

૧૧. ડોલજાજરૂ હોય તો પેશાબની તથા જાજરૂની ડોલ વચ્ચે અંતર ન રહે અને મળ-પેશાબ ડોલમાં જ પડે એ રીતે ગોઠવવી.

સાધન :—

કોદાળી, પાવડા, હાથઝાડુ, બ્રશ, ટમલર, પાણીની ડોલ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. મુતરડી સફાઈ

૧. ડોલ છલકાય નહિ એ રીતે જાજરૂ પાસે લઈ જવી. ત્યાં લાંબો ખાડો કરી તેમાં નાખી માટી વાળી દેવી. માટી ઢાંકતી વખતે પેશાબના છાંટા ન ઊડે એ રીતે ધીમેથી માટી ઢાંકવી.

૨. ડોલ તથા ઢાંકણુ પેશાબ નાખ્યો હોય તે જગ્યાએ જ સાફ કરવાં.

૩. મુતરડીની બેઠક પાણીથી ધોવી. તેમાં કોઈ જગ્યાએ ક્ષાર ન બાઝે તે જોવું. ડોલોમાં પણ એ જ પ્રમાણે ધ્યાન આપવું.

૪. ડોલ મૂકતી વખતે તરત ધોયેલી ડોલ મૂકવા કરતાં સગવડ હોય તો આગલે દિવસે સાફ કરેલી ડોલ મૂકવી. એ ડોલમાં શરૂઆતમાં એકાદ મૂઠી માટી નાખવી, જેથી ડોલને તળિયે ક્ષાર બાઝે નહિ.

૫. દરેક જાજરૂમાં બબ્બે ડોલ રાખવી.

૬. દિવસે ડોલ ભરાઈ ગઈ હોય તો તે બદલી બીજી ડોલ મૂકવી.

૭. વિશેષ મહેમાનો હોય ત્યારે ડોલ ભરાઈ ગઈ છે કે નહિ તે ખાસ જોવું; અને ડોલ ભરાઈ ગઈ હોય તો બીજી ડોલ મૂકવી.

સગવડકારી અને નિર્ગંધ પાયખાનાં અને મુતરડી તૈયાર કરવાની વિશેષ માહિતી આ પ્રકરણને અંતે આપી છે.

૬. ચોકડીઓ, કૂંડીઓ, ગટરો તથા સ્નાનગૃહની સફાઈ

૧. ચોકડીઓમાં માટી ભરાઈ હોય તો તે ધોઈ નાખવી.

૨. ચોકડીઓમાં લીલ થઈ હોય તો કાથીના કકડાથી, યા તો નળિયાના ટુકડાથી ઘસી કાઢવી.

૩. ગટરમાં લીલ ન થવા દેવી. તે રોજ ઝાડુ યા બ્રશથી સાફ કરવી. લીલ થઈ જ હોય તો નળિયાથી ઘસીને કાઢી નાખવી.

૪. સ્નાનગૃહમાં કપડાં મૂકવાનાં ખૂણિયાં સાફ કરવાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. સ્નાનગૃહ સાફ થયા પછી ગંધ ન રહે તે જોવું.

૬. કૂંડીઓમાં કચરો ભરાયો હોય તો કાઢવો.

૭. દર રવિવારે કૂંડીઓ બિલકુલ ખાલી કરી દઈને સાફ કરવી.

૮. કૂંડીઓમાંથી કાઢેલી માટી યા કચરો ત્યાં જ આજુબાજુ ફેલાવી સુકાઈ જાય એ રીતે નાખવો. સુકાયા પછી તે ખાતરના કચરામાં પહોંચાડવો.

પેશાબઘર, જાજરૂ અને ચોકડી વગેરેની સફાઈમાં માટી વડે ઘસવામાં આવે તો ક્યાંય ગંધ રહેતી નથી, અને ફિનાઈલ વાપરવાની જરૂર રહેતી નથી.

સાધન:—હાથ-ઝાડુ, બ્રશ, પાવડી, પાવડો અને ડોલ.

૭. એઠવાડની ડોલની સફાઈ

૧. એઠું પાણી કે એઠું તેને માટે રાખેલી ડોલમાં નાખ્યું હોય તે ખાતરના ખાડામાં નાખી આવવું અને ડોલ સાફ કરી મૂકવી.

૨. ડોલ સાફ કરનારે વાસણસફાઈ કરતી વખતે કૂતરાં ડોલને પાડી ન નાખે તે માટે તકેદારી રાખવી.

૩. દરરોજ સવારે ડોલ બરાબર સાફ કરવી. ડોલ ચીકણી ન રહેવી જોઈએ.

૪. ડોલ રાખવાની જગા સાફ રાખવી. આસપાસની જગા પણ સાફ રાખવી.

૫. ડોલ ઉપર પતરાની કાણાંવાળી ગળણી ગોઠવી હોય તો સારું. શકય હોય તો આ ડોલમાં નીચે અને ઉપર અર્ધા સુધી કાણાં રાખવાં અને ગટર ઉપર બંધ બેસે એવી રીતે રાખવી. તેમાં એઠવાડ નાખવાથી પાણી નીચે ગટરમાં જશે અને એઠવાડ ડોલમાં રહેશે જે ખાતરમાં જશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮. ફાનસ સફાઈ

૧. ફાનસના ગોળા ચાળેલી રાખથી સાફ કરવા, અને પછી સાફ કપડાથી લૂછવા.

૨. મોઢિયું, વાટ, ઉપરનું ઢાંકણુ, વગેરે સાફ કરવાં.

૩. ફાનસના ગોળામાં તરાડ પડે તો કાગળની પટ્ટી ગુંદરથી ચોંટાડવી.

૪. ઘાસલેટ બિલકુલ છલકાય નહિ તેટલું ભરવું. થોડું ઊણું રહે તો વાંધો નહિ.

૫. ગોળા તૂટી ગયા હોય તો તે માટે મુકરર કરેલા ડબ્બામાં નાખવા.

૬. કાચના ટુકડા ઘણા ભેગા થાય ત્યારે તેને એવી જગાએ દાટવા કે જ્યાં કોઈને કોઈ વખત નુકસાન ન કરે.

૭. વાટ ચઢે ઊતરે છે કે નહિ તે તપાસી લેવું; વાટ પર મોગરો થયો હોય તો તે કાઢી નાખવો.

સાધન :—રાખ, કપડાના ટુકડા, બત્તી કાપવાની કાતર, ઘાસલેટ ભરવાની શીશી, નાળચું, ઘાસલેટ કાઢવાનો પંપ.

૯. મહાસફાઈ

ઘર હોય કે ગામ હોય, ગમે ત્યાં રોજનું કામ રોજ કરતા હોઈએ, પણ તેને વિશેષરૂપે સાફ કરવાની જરૂર હોય છે. દરરોજ ઘર સાફ કરીએ પણ ગ્રહણ આવે કે દિવાળી આવે ત્યારે વાળીઝૂડીને વિશેષરૂપે તે સાફ કરીએ છીએ, અને બધું સાફસૂથરું બનાવીએ છીએ, તેમ સંસ્થામાં પણ મહાસફાઈની જરૂર છે. વિદ્યાર્થી રોજ કપડાં ધૂએ, પણ રજા હોય ત્યારે ચાદર વગેરે ધૂએ. રોજ અંગ સફાઈ કરે, પણ રજાના દિવસે નખ કાપે, હજામત કરે, કરાવે અને વિશેષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સફાઈ કરી લે. તેવી જ રીતે રસોઈઘર, ઓરડાઓ, ગટરો, પાણીઆરાં, છાપરાં વગેરે સાફ કરવાનો દિવસ રાખવો જરૂરી છે. એથી માકણ, ચાંચડ કે મચ્છરનો ત્રાસ રહેતો નથી, અને બધું સ્વચ્છ થઈ જાય છે. એ બધું જાતમહેનતે સાફ કર્યું હોય છે એટલે એ સફાઈ માણવામાં સવિશેષ આનંદ મળે છે.

મહાસફાઈ બાદ નિરીક્ષણ રાખવાની જરૂર છે. દરેક વિદ્યાર્થી પોતાનો બધો સામાન પોતાની જગાએ બરાબર વ્યવસ્થિત ગોઠવીને બેસે પછી તે સ્વચ્છ છે કે નહિ, વ્યવસ્થિત રાખે છે કે નહીં તે જોઈને ભૂલ હોય તો સુધારવા જણાવવું. આથી દરેક પોતાની ચીજો સ્વચ્છ, સુઘડ અને વ્યવસ્થિત રાખવા પ્રયત્ન કરે છે. ચીજ ખૂટતી હોય તોપણ તેને ત્યારે ખ્યાલ આવે છે; અને દરેક પોતાની વસ્તુઓ જ લઈને બેઠો હોય એટલે વસ્તુઓ ખોવાઈ હોય તે પણ આવે પ્રસંગે કોઈ કોઈ વખત મળી રહે છે.

દરેક પોતાની પાસે કેટલાં કપડાં, પુસ્તકો, કેટલી સૂતરની આંટીઓ છે, વગેરેની નોંધ રાખે અને ગૃહપતિ તે જોઈ લે એ ઇષ્ટ છે. આમ કરવાથી કોઈ વસ્તુની ચોરી થઈ હોય તો તરત જણાઈ આવે છે. ચોરી કરવામાં વધુ રીઢા હોય તે ન પકડાય, પણ ૧૧ થી ૧૫ વર્ષનાં કાચાં બાળકોએ કરેલી ચોરી તરત જણાઈ આવે છે અને તેવાં બાળકો ફરી ચોરી નથી કરતાં. ચોરી કરવા કરતાં તે છુપાવવી વિશેષ ખરાબ છે, અને ભૂલ કબૂલ કરનાર બહાદુર છે એ ઠસાવવાનો પ્રયત્ન કરવો જોઈએ અને સમજાવવું જોઈએ કે, પ્રામાણિક વિદ્યાર્થી પોતે ચોરી કરતો નથી અને બીજાને કરવા દેતો નથી. પોતે કોઈને છેતરતો નથી અને પોતે કોઈનાથી છેતરાતો નથી. આ જાતના પ્રયત્નથી બાહ્ય — આંતર સફાઈ પણ થશે.

પાયખાનાં, મુતરડીની વિશેષ માહિતી પૂર્તિમાં આપી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧

બીજાં કામો

૧. પાણી ભરવું

૧. પાણીના માટલામાં આગલા દિવસનું પાણી હોય તો તેનાથી ગંદકી ન થાય અને તેનો ઉપયોગ થઈ શકે તેવે સ્થળે (જેમકે બગીચો હોય તો તેમાં) નાખવું, અને સારા પાણીથી માટલાં વગેરે વીંછળી નાખવાં.

૨. પાણી ગળણાથી ગળીને ભરવું.

૩. પાણી ભરતા પહેલાં પાણીની ડોલ વીંછળીને જ તેમાં પાણી ભરવું.

૪. પાણીઆરું હંમેશાં સાફ કરવું, જેથી તેમાં કચરો ન રહે. લીલ પણ ન થાય.

૫. માટલાનાં ઢાંકણ, ડોયા, પ્યાલા વગેરે રોજ સાફ કરીને જ મૂકવાં.

૬. માટલાં નીચે તથા ઘોડીઓ ઉપર લીલ ન થાય તે જોવું.

૭. ગળણું મુકરર કરેલી જગાએ જ ધોઈને સૂકવવું.

૨. દાતણ લાવવાં

૧. દાતણ બહુ જાડાં અથવા બહુ પાતળાં કાપવાં નહિ.

૨. ખાંપા અને કાંટા બરાબર સાફ કરવા, જેથી વાગે નહિ.

૩. કૂચો થઈ શકે તેવાં દાતણ પસંદ કરવાં.

૪. દાતણ બહુ નાનાં પણ નહિ અને બહુ લાંબાં પણ નહિ એવાં ૯" થી ૧૦" ની લંબાઈનાં રાખવાં.

૫. દાતણ માટે જોઈએ તે કરતાં બીજાં નકામાં ડાળખાં કપાઈ ન જાય એ જોવું. જોઈતાં દાતણ કાપવાં, વધુ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. દાતણ સોરતાં કાંટા પડે તે રસ્તા ઉપર કે કોઈને વાગે તે રીતે ન નાખતાં એક બાજુ જ્યાં કાંટાનું જાળું હોય ત્યાં નાખવા.

સાધન :—વાંસી યા ધારિયું, ચપ્પુ, મોટી છરીઓ.

૩. કપડાં ધોવાં

૧. કપડાં ધોવા કાઢતી વખતે મેલ વધારે ક્યાં છે એ જોવું.

૨. મેલ કે ડાઘા હોય એટલી જગ્યાએ સાબુ ઘસવો અને બરાબર હાથથી ઘસવું. વધારે સાબુ ઘસવાથી કપડાં સાફ થાય છે એમ નથી, માટે જરૂર જેટલો જ સાબુ વાપરવો.

૩. કપડાંને ટીપવાં નહિ, પણ ઝીકવાં. ઝીકવું એટલે કપડું પછડાય ત્યારે કરચલી પડે. ટીપવું એટલે કપડાને નીચેથી ઊંચું કરી કરચલી પડ્યા સિવાય, પથ્થર ઉપર સીધો ફટકો વાગે તે. ટીપવાથી કપડું વહેલું ફાટી જાય છે. ઝીકવાથી તેમ થતું નથી.

૪. કપડામાંથી પૂરેપૂરો સાબુ કાઢી નાખ્યા પછી જ તેને નીચોવવું. કપડામાં સાબુ રહે તો કપડું વહેલું ખવાઈ જાય છે. નીચોવતી વખતે કપડું ફાટે નહિ, કે એના ઉપર વધારે તાણ ન પડે તે ખાસ જોવું.

૫. હલકાં કપડાંમાં ધોકાનો ઉપયોગ ન કરવો. ધોકો વપરાય ત્યાં પણ ધોકો ધાર ઉપર ન પડે એ જોવું. ધોકાથી કપડાં ઉપર વધુ માર પડવાથી કપડું કમજોર બને છે.

૬. ખમીશ, ચડ્ડી વગેરે સામાન્ય કપડાં ધોવા માટે ધોકાને બદલે હાથનો ઉપયોગ કરવો.

૪. કપડાં સૂકવવાં અને વાળવાં

૧. કપડાં નક્કી કરેલી જગ્યાએ જ સૂકવવાં.

૨. સૂકવતા પહેલાં કપડાં બરાબર ખંખેરવાં.

૩. સૂકવ્યા પછી તેમાંથી પાણી ન ટપકે એ જોવું. ટપકતાં હોય તો નીચોવીને સૂકવવાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. વ્યવસ્થિત અને કરચલી ન પડે એ રીતે સૂકવવાં.

૫. સાંજે જેટલાં સૂકાં કપડાં હોય તે બધાં ગડી વાળીને લઈ લેવાં.

૬. વાળેલાં કપડાં સાંજે ઓશીકે મૂકીને સૂઈ જવાથી ઓશીકું મળશે અને કપડાં સુઘડ થશે.

૭. સૂકવવા માટેના તાર અગર દોરડાં બરાબર છે કે નહિ તે જોઈ લેવું. કપડું ફાટે કે કાટના ડાઘ ન પડે એ ખાસ જોવું. ઊડી ન જાય એ માટે ક્લિપ ભરાવવી અગર એવડી દોરીમાં છેડો ભરાવવો.

૫. અઠવાડિક સફાઈ

૧. દરરોજની સફાઈ ઉપરાંત વધારાની સફાઈ દર અઠવાડિયે (દર રવિવાર કે રજાના દિવસે) કરવી.

૨. ચાદર, ટોપી, થેલી વગેરે કપડાં રવિવારે (અઠવાડિયામાં નક્કી કરેલા દિવસે) સાફ કરવાં.

૩. પથારી વગેરે તડકે તપાવવાં.

૪. સગવડ હોય તો દર અઠવાડિયે ઠીક ઠીક ગરમ પાણીમાં સોડા યા સાબુના ઘસાયેલા ટુકડા ઝીણા કરીને નાખવા; અને તે ઓગળી જાય એટલે કપડાં તેમાં બોળી દેવાં. ઓછામાં ઓછા અડધાથી એક કલાક રાખ્યા બાદ ધોવાં, જેથી મેલ જલદી કપાઈ જશે.

૬. સામાનની વ્યવસ્થા

૧. પથારીની બરાબર ગડી વાળી દોરીથી બાંધી તેને માટે નક્કી કરેલી જગાએ વ્યવસ્થિત મૂકવી.

૨. કપડાં ટુવાલમાં વીંટીને રાખવાં.

૩. પુસ્તકો થેલીમાં યા મુકરર સ્થાને ગોઠવીને રાખવાં અને નક્કી કરેલી જગ્યાએ મૂકવાં.

૪. વાસણ બરાબર સાફ રાખવાં અને નક્કી જગ્યાએ મૂકવાં.

૫. બૂટ અથવા ચંપલ ઓરડાની બહાર વ્યવસ્થિત રાખવાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. રેંટિયો, ફાળકો વગેરે નક્કી જગાએ મૂકવાં.

૭. બીજો પરચૂરણ સામાન હોય તે પણ નિયત સ્થાને ગોઠવીને રાખવો.

૭. ઘંટ અને પ્રાર્થનાની વ્યવસ્થા

ઘંટની નિયમિતતા પર આખી સંસ્થાની નિયમિતતાનો આધાર છે. તેથી તે કામ જેને સોંપાય તેણે સતત જાગૃત રહેવું જોઈએ. તેણે નિત્યક્રમ મુજબ ઘંટ બરાબર વગાડવો જોઈએ.

પ્રાર્થના

૧. પ્રાર્થનાના સમયે પાથરણાં આગળથી પાથરી રાખવાં.

૨. મહેમાનો વધુ હોય તો તેમને બેસવા કેવી વ્યવસ્થા કરવાની છે તે જાણીને તેની જરૂરી વ્યવસ્થા કરવી.

૩. દીવો, ટેબલ, ધૂપ, રંગોળી, ફૂલદાની વગેરે જરૂરી ચીજો અગાઉથી ગોઠવી રાખવી.

૪. મહિનામાં એક વાર પાથરણાં ધોવાય એમ કરવું.

૮. અતિથિસત્કાર

૧. મહેમાન આવે ત્યારે વ્યવસ્થાપકને જાણ કરવી, અને તેમને ક્યાં ઊતરવાનું છે તે જાણી લઈ ત્યાં ઉતારવા. તેમને માટે હાથપગ ધોવાના તથા પીવાના પાણીની વ્યવસ્થા કરવી.

૨. મહેમાનને પેશાબ, પાણી, જાજરૂ, મૂતરડી વગેરેની જગ્યાઓ બતાવવી.

૩. સ્નાન ઇ. કરાવીને જમવા લઈ જવા. નાહવું ન હોય તો હાથપગ ધોવડાવી લેવા અને તે લૂછવા નેપકીન યા ખાદીનો સાફ ટુકડો આપવો. ઠંડી હોય ત્યારે ગરમ પાણી આપવું. જમીને પરવાર્યા બાદ આપેલો ટુકડો સંભાળી લેવો.

૪. જમતા પહેલાં આસન તથા થાળી સાફ કરીને મૂકવાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. જમ્યા બાદ મહેમાનોની થાળી તથા આજુબાજુનો એઠવાડ લઈ લીધા પછી થાળી માંજવા લઈ જવી.

૬. સાંજે પથારી કરી સાથે પાણીનો લોટો તથા દાતણ મૂકવાં.

૭. બપોરે જમ્યા બાદ આરામની જરૂર હોય તો તેની વ્યવસ્થા કરવી.

૮. ગોદડાં અને ઓશીકાં બગડે નહિ તે માટે હંમેશ તેની નીચે પાથરણું પાથરવું અને ઉપર ચાદર પાથરવી.

ચાદરો, ગલેફ નિયમિત ધોવાવાં જોઈએ અને ચાદરો મેલી થાય તેમ તેમ ધોતા રહેવું જોઈએ. ખાટલામાં માકણ ન જ હોવા જોઈએ. પાટી હોય તો વર્ષમાં બે વાર ધોવાય એ જરૂરી છે; અને પાટી ઢીલી ન પડે એ જોતાં રહેવું જોઈએ.

૯. મહેમાનનાં કપડાં ધોઈ આપવાં અને સુકાયા પછી વાળીને વ્યવસ્થિત રીતે એમને સોંપવાં.

૧૦. મહેમાનની કંઈ ખાસ જરૂરિયાત હોય તો પૂછીને તેની વ્યવસ્થા કરવી.

૯ માંદાની વ્યવસ્થા

૧. વિદ્યાર્થી માંદો થયો છે તેની ખબર પડે એટલે તેને માંદાના ઓરડામાં ખાટલો મળે તો તે ઉપર, નહીં તો નીચે કામળ, ઉપર ગાદલું પાથરી, પથારી કરી આપવી.

૨. માંદાની સાથે તેનાં થાળી, વાટકો, લોટો લઈ આવવાં.

૩. માંદાની જાણ ગૃહપતિને કરવી.

૪. નિયમિત દવા લાવી આપવી.

૫. માંદાનો ઓરડો બરાબર સાફ રાખવો.

૬. માંદાનાં કપડાં, ચાદરો નિયમિત બદલીને ધોતા રહેવું.

૭. ખોરાક ડૉક્ટરના કહ્યા પ્રમાણે નિયમિત આપવો.

૮. માંદાની પાસે રાત્રે સૂવાની જરૂર હોય તો સૂવું. જરૂર પડે તો સારવાર કરનારની ટુકડીઓ ગોઠવવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારા છાત્રાલયના અનુભવ પરથી કહી શકાય કે, શરીરશ્રમ પૂરતો મળે, નિયમિત સાદો, સ્વચ્છ અને પૌષ્ટિક ખોરાક મળે, ભેજ અને ગંદકી ન રહે, પૂરતી ઊંઘ મળે તો માંદગીનું પ્રમાણ ઘણું ઓછું રહે છે. છતાં દર્દ થાય તો તેની માવજતની વ્યવસ્થા કરવી જોઈએ.

માંદગીમાં દવા લાવવી, દવા તથા ખોરાક આપવો, વાસણ માંજવાં, કપડાં ધોવાં વગેરે કામ વિદ્યાર્થીઓ ટુકડી પ્રમાણે કરે તો એમાં વિદ્યાર્થીઓને માંદાની સારવારની સારી તાલીમ મળે છે.

માંદગીમાં દરદીને હવા ચોખ્ખી મળે, સ્વચ્છ પથારી અને સ્વચ્છ કપડાં મળે અને દવા સાથે પથ્ય ખોરાક મળે, એ ખાસ કાળજીથી જોવું જોઈએ. આવી સારવારથી દર્દી જલદી સાજો થઈ જાય છે. અમારે ત્યાં ઋતુ બદલાય ત્યારે જરૂર જણાતાં બધા માટે ખોરાકમાં પ્રવાહીનું પ્રમાણ વધારવામાં આવે છે. દહીં બંધ પણ કરવું પડે છે.

૧૨

સેવા અને દાન

છાત્રાલય સમાજ છે. તે બાહ્ય દુનિયા સાથે જોડાયેલો રહેવો જોઈએ. છાત્રાલયમાં કે બહાર સેવા અને દાનના પ્રસંગ આવે ત્યારે તેમાં તેનો પણ હિસ્સો હોવો જોઈએ. એ શિક્ષણ છાત્રાલયમાં મળે એવા પ્રયત્નો કરવા જોઈએ. જેમકે કોઈ વિદ્યાર્થી વધુ બીમાર હોય, અને એને માટે રાત્રે જાગવાની જરૂર હોય તો સ્વયંસેવક મંડળ ઊભું કરવું જોઈએ. તે મંડળ તેની પૂરી સંભાળ રાખે. એવો સેવાનો પ્રસંગ આવે ત્યારે તેને વધાવી લેવો જોઈએ. જો એ શક્ય ન જ હોય તો તેવા વિદ્યાર્થીને ઘેર મોકલી દેવો. પણ કુટુંબની બીમારીમાં જેમ કુટુંબીઓ મદદરૂપ બને છે તેમ આ છાત્રાલય-કુટુંબમાં થવું જોઈએ.

એવી રીતે દુષ્કાળનો પ્રસંગ હોય કે રેલસંકટનો પ્રસંગ હોય, મલેરિયા થયો હોય, કે ઘર બળતું હોય, આ બધા પ્રસંગો તાલીમના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બનાવી શકાય; અને તેવા પ્રસંગોએ તેમને તાલીમ આપવી જોઈએ. સમૂહજીવનની તાલીમમાં આવા પ્રસંગો આવે ત્યારે કેમ વર્તવું તેનું પ્રત્યક્ષ શિક્ષણ આપવું જોઈએ. સ્થાનિક પ્રદેશમાં ચોરનો ઉપદ્રવ હોય તો છાત્રાલયની ચોકી કરવાની તાલીમ પણ આપવી જોઈએ.

કોઈ આગેવાન યા અતિથિ આવે ત્યારે તેમનું સ્વાગત કરવું; (ફૂલના હારથી નહીં, પણ સૂતરની આંટીથી) વળી તે પ્રસંગે જે કંઈ કામ આવે તે હોંશથી કરવું; અને આવા પ્રસંગોએ ઘસાવાની વૃત્તિ ખીલવવાની તક મળી માનીને તેવી પ્રવૃત્તિઓને વધાવી લેવી. આ રીતે દરેક યોગ્ય ફાળો આપે એ માટે ગૃહપતિએ જાતે પહેલ કરીને શીખવવું જોઈએ.

ખાસ પ્રસંગોએ ફાળા ઉઘરાવવાની પ્રવૃત્તિને પણ શિક્ષણનું સાધન બનાવવું જોઈએ. દેશભરમાંથી ગાંધી સ્મારક ફાળો ઉઘરાવવાનો હતો ત્યારે તેને અમે શિક્ષણનો પ્રસંગ બનાવ્યો હતો. તે અંગે વ્યક્તિગત ફાળો ઉઘરાવી લીધા પછી અમે ટુકડીઓ પાડી. ગામના લત્તાઓ વહેંચી લીધા. અમે દરેક ઘેર જઈને ગાંધીજીના જીવનનો પરિચય આપવાનો નિર્ણય કર્યો અને એ રીતે જે પૈસા કે અનાજ મળે તે મેળવવાનું નક્કી કર્યું. તેથી બાળકોને પણ કાર્યકરો અને લોકો વચ્ચે થતી વાતો સાંભળવાનું મળ્યું. ગામડાના ભાઈઓએ અને બહેનોએ પૈસા અને અનાજ આપ્યાં. હરિજનોએ પણ તેમાં પોતાનો ફાળો આપ્યો.

રેલસંકટ આવ્યું ત્યારે અમુક માહિતી ભેગી કરવાનો કોઠો તૈયાર કર્યો. વિદ્યાર્થીઓની ટુકડીઓ પાડી સાથે કાર્યકરો પણ વહેંચાયા, ગામ વહેંચી લીધાં, અને ગામે ગામ ફરી માહિતી ભેગી કરી. પછી સંસ્થામાં સસ્તા અનાજની દુકાન પણ ચલાવી. તેમાં વિદ્યાર્થીઓને મદદનીશ બનાવ્યા.

આમ જે પ્રસંગ આવે તેને શિક્ષણનું સાધન બનાવીને વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાથી તેમનામાં દાન કરવાની વૃત્તિ જાગે છે અને સાથે સાથે સેવાવૃત્તિ કેળવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩
કાર્યકર કુટુંબનો સહકાર

અમારા છાત્રાલયમાં રસોયા કે નોકર ન હોવાથી પર્યટનમાં ભાથું લઈ જવાનું હોય ત્યારે તેની અગાઉથી યોજના કરી વિદ્યાર્થીઓ તૈયાર કરી લે છે; અને ઉત્સવમાં મહેમાનો આવવાના હોય, જમવાના હોય તો તેની વ્યવસ્થા પણ વિદ્યાર્થીઓ કરે છે. પણ તે પ્રસંગે કાર્યકર ભાઈઓ અને બહેનો બધાં મદદ કરે છે એટલે વિદ્યાર્થી પર જ બધો બોજો પડતો નથી. પણ તે દિવસોમાં બધાને વિશેષ કામ રહે છે. એટલે જેમ ઘેર મોટો પ્રસંગ હોય છે ત્યારે નાનાંમોટાં બધાંને વિશેષ કામ રહે છે તેમ અહીં પણ બને છે.

ગરીબતવંગર દરેકના ઘરમાં કોઈ વખત મિષ્ટાન્ન થતું હોય છે, તેવી રીતે અહીં પણ કોઈ પ્રસંગે મિષ્ટાન્ન થતું હોય છે. તે વિદ્યાર્થીઓ બનાવે છે અને તેમાં કાર્યકર ભાઈબહેનો મદદ કરે છે. આમ અહીં સંસ્થામાં રહેતી બહેનો સમૂહકાર્યમાં ભળે છે. એવે પ્રસંગે બધાં સમૂહમાં કામ કરે છે ને સાથે જમે છે.

ખેતી કે ગૌશાળાનું વિશેષ કામ હોય, અખંડ કાંતણ હોય, કોઈ પ્રસંગે મજૂરી કરીને ફંડફાળો કરવાનો હોય ત્યારે પણ કાર્યકર ભાઈઓ સાથે બહેનો (કાર્યકર્તાની સ્ત્રીઓ) ભાગ લે છે અને પોતાનો ફાળો આપે છે.

વિદ્યાર્થીઓની માંદગી લાંબી હોય ત્યારે ઔષધાલયની પૂરતી મદદ મળે છે. સારવારમાં કાર્યકરબહેનો પણ મદદ કરે છે અને ગૃહપતિનો બોજો હળવો કરે છે.

બીજી એક બાબત પણ ધ્યાનમાં રાખવી જોઈએ. સંસ્થાના ચોગાનમાં કુટુંબો રહેતાં હોય તે બધાં સંસ્થા સાથેના કોઈ ને કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંબંધમાં નથી રહેતાં, ત્યારે તે કુટુંબોની દુનિયા અલગ થઈ જાય છે. તેથી એમ પણ બને કે, સંસ્થામાં જે કંઈ થતું કે ચાલતું હોય તેની સાથે કુટુંબોનો કંઈ સંબંધ ન હોય તો તેમનો સંબંધ તૂટી જાય અને તેથી સંસ્થાની પ્રગતિ સાથે કુટુંબોની પ્રગતિ થાય નહિ. તેથી તેમનો લાભ બાળકોને મળે નહિ અને કેટલીક વાર વાતાવરણની દૃષ્ટિએ નુકસાન થાય. આથી સંસ્થાની પ્રવૃત્તિઓમાં કુટુંબો ભળે એ સારું છે. તેમણે વિદ્યાર્થીઓને પોતાનાં બાળકો જેવાં ગણવાં જોઈએ અને સંસ્થાને એક સંયુક્ત કુટુંબ જેવી સમજવી જોઈએ. આમાં સાવચેતી એ રાખવી જોઈએ કે, કુટુંબો કંઈક સેવા કરવા ભળવાં જોઈએ. સંસ્થાની કોઈ નજીવી ચીજ પણ યોગ્ય મૂલ્ય ચૂકવ્યા વિના શિક્ષકના ઘરમાં દાખલ ન થાય એવો આગ્રહ હોવો જ જોઈએ.

૧૪
વાલીસંપર્ક

અમારા છાત્રાલયમાં વિદ્યાર્થી દાખલ થવા આવે ત્યારે તેના વાલીને પ્રથમ બોલાવવામાં આવે છે. તેમને અહીંની માહિતી, રીતરિવાજ વગેરેનો ખ્યાલ આપવામાં આવે છે અને તે અહીં રહે તે દરમિયાન અહીંનું બધું કામકાજ જુએ છે.

એમાં એવું પણ બને છે કે, વાલીને સફાઈકામ, ઘંટીકામ કે એવું કોઈ કામ ઊતરતું લાગે અથવા પોતાને ઊતરતું ન લાગતું હોય પણ સમાજ ઊતરતું માનતો હોય, અને તેથી સમાજ ટીકા કરે તે સહન ન થાય એવું લાગે તો એ પોતાના બાળકને મૂકતા જ નથી; અગર મૂકયા પછી પણ ઉઠાડી લે છે. પણ વાલીઓ આવે છે ત્યારે આ બધાં કામો અને રિવાજ પાછળની દૃષ્ટિ સમજાવવાની અમને તક મળે છે; અને તેઓ તે સમજે છે ત્યારે તેમને ખૂબ આનંદ આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં અસ્પૃશ્યતા પાળતા નથી. બ્રાહ્મણ, ભંગી બધા એક સાથે કામ કરે છે અને ખાય પીએ છે. એ જોઈજાણીને પણ કોઈ કોઈ વાલીઓ તો સમાજના ચાલુ રિવાજોની સામે થઈને પણ પોતાનાં બાળકોને અહીં રાખે છે. પછી તો વિદ્યાર્થીઓ પોતે હિંમત કરીને પોતાનાથી ઊતરતી ગણાતી કોમના પોતાના મિત્રને પોતાને ઘેર પણ લઈ જાય છે. માબાપ પણ તેમને અપનાવી લે છે અને બધા સાથે બેસાડીને પેલાને જમાડે છે. જ્યાં માબાપ રૂઢિચુસ્ત હોય છે ત્યાં વિદ્યાર્થી પેલા મિત્ર સાથે અલગ જમવા બેસે છે. આવા પ્રસંગો અવારનવાર બને છે. તેમાં બાળકનું વર્તન વિવેકભર્યું હોય તો માબાપો થોડા વખતમાં જ ભેદભાવ દૂર કરે છે અને પ્રેમથી સરખું વર્તન રાખતાં થઈ જાય છે.

વાલીસંપર્ક માટે કોઈ કોઈ પ્રસંગે વાલીઓને સંસ્થામાં બોલાવવામાં આવે છે; અને કોઈ કોઈ વખત ગૃહપતિ વાલીઓને ત્યાં પણ જાય છે અને બાળકનાં માતાપિતા સાથે ભળે છે. આમ પરસ્પર સંબંધ થવાથી બાળકોને સાચી રીતે ઓળખવાનું સરળ બને છે. બાળકોના દોષો ઓછા કરવામાં સરળતા થાય છે. વળી બાળકોનો અમને જે જાતનો પરિચય થાય છે અને એમના ગુણો તથા ટેવો સમજાય છે તે માબાપના અનુભવો સાથે સરખાવવાની તક મળે છે. કેટલીક વખત તો માબાપો ન જાણતાં હોય એવા અનુભવો થતા હોય છે. આવી બાબતમાં પરસ્પર વાતો કરવાથી માબાપ જાગ્રત થાય છે અને બાળકના જીવનનો વિચાર કરતાં થાય છે. આમ જુદે જુદે પ્રસંગે વાલીસંપર્ક કરવાથી બાળકને, વાલીને અને સંસ્થાને બધાંને લાભ થાય છે. દરેક શિક્ષણસંસ્થા માટે તે જરૂરી છે. તેથી ગૃહપતિએ વિદ્યાર્થીઓના વાલીઓના સંપર્કમાં જુદી જુદી રીતે રહેવાની જરૂર છે. વાલીએ પણ વિદ્યાર્થીને શાળા કે છાત્રાલયમાં મોકલવાથી પોતાની ફરજ પૂરી થઈ એમ નહીં માનવું જોઈએ, પણ શિક્ષણસંસ્થા સાથે સતત સંપર્કમાં રહેવું જોઈએ અને વિદ્યાર્થીના ઘડતરકાર્યમાં સહકાર આપવો જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫

સંસ્કાર કાર્યક્રમો

જીવનમાં સ્વયંસ્ફૂર્તિથી કામ કરવાનું દરેકને મન થાય છે અને થવું જોઈએ. દરેકની જુદી જુદી વિશેષતાઓ હોય છે. કોઈને ચિત્ર-કામનો રસ હોય છે; તો કોઈને ગાવાનો શોખ હોય છે. કોઈને રમતગમતનો શોખ હોય, તો કોઈને નાટક કરવાનો શોખ હોય છે. આ બધી પ્રવૃત્તિઓને સંસ્કાર આપીએ તો તેમને અને બધાંને આનંદ મળે અને સમાજમાં આજે હલકા પ્રકારના રંજન કાર્યક્રમો થાય છે તેમાં ફેરફાર થાય.

આજે સિનેમા, ભવાઈ વગેરેની રસવૃત્તિ ઊતરતી પંક્તિની થઈ ગઈ છે અને કેળવણીની દૃષ્ટિએ એમાં કોઈ યોગ્ય દોરવણી મળતી હોય એવું દેખાતું નથી. એ સ્થિતિમાં સંસ્કાર-પોષનાર આ બંને સાધનો ઘણી વખત કુસંસ્કારો આપે છે. અને લોકો તથા બાળકો પણ મનો-રંજનથી ખેંચાઈ એ દિશાએ વળે છે. પરિણામે એમને હલકા પ્રકારના મનોરંજન કાર્યક્રમોમાં રસ પડતો જાય છે. જો એમને નાનપણથી સારા, સંસ્કારી કાર્યક્રમો પૂરા પાડવામાં આવે તો તેમાં રસ પડે. એટલે સંસ્કાર-પોષક કાર્યક્રમો રાખીને તેમાં રસની વૃદ્ધિ કરવી એ દરેક કેળવણીની સંસ્થાનું કામ છે. આથી બહાર પર્યટને જવાનું થાય ત્યારે પ્રસંગોચિત સંસ્કારકાર્યક્રમો રાખવામાં આવે એ જરૂરી છે. તેમાં પોષાકની ટાપટીપને ગૌણ રાખી કાર્યક્રમ મારફત શું કહેવું છે તેને મહત્ત્વ આપવામાં આવે એ ઇષ્ટ છે.

અમારી સંસ્થામાં અમે કેટલાક દિવસોની ઉજવણી યોજીએ છીએ. તેમાં રાસ, સંવાદો, ભજનો, અંત્યાક્ષરીના કાર્યક્રમો, વિના ખર્ચની (કોલસો, રેતી, રાખ, કુશકા, લાકડાનો વેર વગેરેની) રંગોળી તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રદર્શન વગેરે કાર્યક્રમો રાખીએ છીએ. તેથી લોકોને નિર્દોષ મનોરંજન મળે છે; અને વિદ્યાર્થીઓને સમૂહ કાર્યક્રમો ગોઠવવાની અને તેની વ્યવસ્થા કરવાની તાલીમ મળે છે.

દરેક શિક્ષણસંસ્થાએ આવો કંઈક લાભ આજુબાજુના લોકોને ઓછામાં ઓછા ખર્ચે છતાં કલાત્મક રીતે આપવો જોઈએ. વાર્ષિક સમારંભ તેને માટે અનુકૂળ સમય છે. તે વખતે બાળકોના કામનું અને જુદી જુદી કૃતિઓનું પ્રદર્શન પણ ગોઠવી શકાય. વાલી-સંમેલન પણ થઈ શકે. તે વખતે વરસના કામકાજનું નિવેદન રજૂ થાય. આવા પ્રસંગો દ્વારા પણ બાળકોની વિવિધ શક્તિ કેળવી શકાય છે.

૧૬

લોકસંપર્ક

વાલીઓ સાથેના સંપર્કની વાત અગાઉ લખી છે. ઉજવણીના કાર્યક્રમો મારફતે લોકસંપર્ક થાય છે એ પણ જણાવ્યું છે.

એ ઉપરાંત ગામની સેવાનાં કામો કોઈ કોઈ વાર કરવાનાં રાખવાં જોઈએ. જેમકે રસ્તાના ચીલા પૂરવા, વાડો સાફ કરવી, ગામ સાફ કરવું.

ઉજવણી ગામમાં યા ગામના કોઈ ફળિયામાં રાખવી. રેંટિયા બારશનો દિવસ હોય કે હરિજન દિન હોય ત્યારે સફાઈ, સંસ્કાર કાર્યક્રમો ગામમાં રાખવા. હરિજનવાસમાં ભજનકીર્તન રાખવાં.

વળી વિદ્યાર્થીઓ જે ફળિયાના હોય તેમનાં ફળિયાંની આર્થિક, સામાજિક અને શૈક્ષણિક તપાસ કરવી. એવી તપાસ અમે વિદ્યાર્થીઓ પાસે કરાવી હતી તેમાં નીચેની માહિતી મળી હતી. જુદી જુદી કોમોના લગ્નના, મરણના, ભૂતપ્રેતો વિષે તથા બીજા સામાજિક રિવાજો કેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય છે, તેમના ફળિયામાં ભણતરની શી સ્થિતિ છે વગેરે ઘણી માહિતી મળી હતી. વિદ્યાર્થીઓને તે માહિતી ભેગી કરવામાં બહુ આનંદ આવ્યો હતો.

આ પ્રશ્નાવલિ નીચે આપી છે.

આજુબાજુની શાળાના વિદ્યાર્થીઓ સાથે સંપર્કમાં આવવા માટે સમૂહ રમતગમતના તથા સંસ્કાર કાર્યક્રમો અને પ્રદર્શનો રાખી શકાય. જેમકે અહીં તા. ૧૫મી ઑગસ્ટે આસપાસની શાળાઓના વિદ્યાર્થીઓ રમતગમત માટે ભેગા થાય છે. બધાને ભેગા કરીને ધોરણવાર ટુકડીઓ પાડવામાં આવે છે. તેથી ખોટી હરીફાઈ થતી નથી, અને બધાને પરસ્પર મિત્રાચારી કરવાની તક મળે છે.

એવી જ રીતે કંકાપુરા સર્વોદય મેળા પ્રસંગે સંસ્કાર કાર્યક્રમો, રમતગમત, સમૂહકાંતણ વ્યવસ્થિત રીતે રાખવામાં આવે છે.

આવી રીતે અન્ય વિદ્યાર્થીઓ સાથે, લોકો સાથે મળવાના, કામ કરવાના પ્રસંગો ઊભા કરીને લોકસંપર્ક સાધી શકાય; અને તેવો સંપર્ક સાધવો જોઈએ. છાત્રાલય માટે તે વિશેષ અનુકૂળ છે.

ફળિયા-તપાસ

ઘર દીઠ તપાસના મુદ્દા

૧. ઘરના વડાનું નામ
૨. ઘરનાં માણસોની સંખ્યા — પુરુષ, સ્ત્રી
૩. ઉંમરવાર સંખ્યા — ૬ વર્ષથી નીચે, ૬થી ૧૨; ૧૨થી ઉપર
૪. કેળવણી — કેટલું ભણેલાં, અભણ, ભણતાં
૫. પશુઓ — બળદ, ગાય, ભેંસ ઈતર
૬. ધંધો
૭. જમીન–વીઘાં
૮. વ્યસન
૯. વિશેષ નોંધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી નોંધો કરવા આપેલા પ્રશ્નો:—

૧. ફળિયાની કેળવણીના ટકા

૨. ફળિયામાં અવારનવાર થતા વ્યાધિઓ—કેવા ઉપચારો કરે છે?

૩. ફળિયામાં કોઈ હઠીલા રોગવાળા દર્દીઓ છે? શું થયું છે? શા ઉપચારો કરે છે? ઉપચાર ન કરતા હોય તો કારણો.

૪. ફળિયામાં ખેડૂત અને બિનખેડૂત વસ્તીના ટકા. ખેડૂતમાંથી કેટલા પાસે ખેડવા પૂરતી જમીન નથી? ખેડૂતમાંથી કેટલા પાસે બિલકુલ જમીન નથી? ખેડૂતમાંથી કેટલા પાસે બળદ નથી?

૫. ફળિયામાં સફાઈ કેવી? સફાઈ અંગે તમારાં સૂચનો.

૬. જમીન હોય છતાં ઘેર ખેતી ન કરતા હોય એવા કેટલા? શાથી?

૭. ફળિયામાં ગાયભેંસની સંખ્યા અને તેના ટકા.

૮. ફળિયામાંથી દુધાળાં ઢોરવાળાં કેટલાં ઘર સંઘે દૂધ ભરી દે છે? કેટલા જણ વલોવે છે? ફળિયામાં છાશ છૂટથી મળે છે ખરી?

૯. ફળિયામાંથી નોકરીધંધાર્થે કેટલાં જણ બહારગામ રહે છે?

૧૦. ફળિયાનાં મકાનોમાંથી માટીનાં કેટલાં? ઈંટેરી કેટલાં? મોકળાશ કેવી? ઢોરને બાંધવાની સગવડ કેવી?

૧૧. ફળિયામાં દળવા માટે ઘંટીઓનો ઉપયોગ થાય છે કે સંઘે દળાવે છે?

૧૨. ફળિયામાં સામાન્યપણે લોકોને નવરાશ હોય એવો વર્ષનો કયો સમય? લોકો એ વખતે શું કરે? તમારાં સૂચનો.

૧૩. ફળિયાની વસ્તીના સામાન્ય દૈનિક ખોરાકની મુખ્ય ચીજો.

૧૪. ફળિયામાં ઊજવાતા મુખ્ય તહેવારો કયા? લોકો એ તહેવારોને શી રીતે ઊજવે છે?

૧૫. ફળિયાના લગ્ન, મરણ વગેરે પ્રસંગોના સામાજિક રીતરિવાજો કેવા છે? એ રીતરિવાજોની યોગ્યતા સંબંધી તમારો અભિપ્રાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬. ફળિયાના વહેમો — એ વહેમોમાં નહીં માનનારા કેટલા? એ વહેમોની બાબતમાં તમે શું માનો છો?

૧૭. ફળિયાની મુખ્ય કોમો — દરેક કોમનો મુખ્ય ધંધો.

૧૮. ફળિયામાં કોઈ જાહેર સ્થાન કે જાહેર ફંડ છે? હોય તો એના વહીવટ અને ઉપયોગ વિષે નોંધ કરો.

૧૯. ફળિયાના આગેવાનો કોણ છે? કેવું કામ કરે છે?

૨૦. ફળિયામાં સંપ કેવો? સામાન્યપણે કયાં કારણોસર કજિયા થાય છે? ફળિયામાં અંદર અંદર કોર્ટમાં કોઈ ઝઘડો ચાલે છે? શા કારણે?

૧૭

પ્રદર્શન

આજકાલ નિશાળોમાં જે પ્રદર્શનો ગોઠવવામાં આવે છે તેમાં સારા હોશિયાર વિદ્યાર્થીઓની કૃતિઓ મૂકવામાં આવે છે. તેથી શાળાની કે છાત્રાલયની પ્રગતિનો કંઈક ખ્યાલ આવે છે ખરો, પણ પૂરો આવતો નથી.

શાળા કે છાત્રાલયના દરેક વિદ્યાર્થીની પ્રગતિનો ખ્યાલ આવે એ દૃષ્ટિએ પણ પ્રદર્શન થઈ શકે છે.

અમારા વિદ્યાલયમાં વાલીસંમેલન હોય છે, ત્યારે દરેક વિદ્યાર્થી મુકરર કરેલા સ્થાને પોતાનું પ્રદર્શન લઈને બેસે છે. એ સ્થાનને એ રંગોળીથી શણગારે છે; નોટો, નોંધો, સૂતર, પાટી, ખાદી અને બીજી જે ચીજો તેણે બનાવી હોય છે અથવા ઉત્પન્ન કરી હોય છે તે ગોઠવીને મૂકે છે. તેની સાથે પોતાના અભ્યાસનો હેવાલ તૈયાર કરાવ્યો હોય છે તે પણ રાખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ બધા વિદ્યાર્થીઓ બેઠા હોય છે અને પોતાનું વાચન કરતા હોય છે, અથવા કાંતતા હોય છે. પ્રદર્શનમાં જોનારા વાલીઓ પોતાના બાળક પાસે બેસીને બધું જુએ છે, બીજે પણ જુએ છે અને એ રીતે પોતાના બાળકની બીજાઓ સાથે તુલના કરી શકે છે. અજાણ્યા અને અભણ હોય છે, તે પણ દરેકની પ્રગતિ પરથી વિદ્યાર્થીની શક્તિનો ખ્યાલ કરી શકે છે.

શાળાના સમગ્ર કામનો ખ્યાલ આવે તે માટે તેનું પ્રદર્શન પણ સાથે ગોઠવાય છે, પણ તે બહુ જગા માગતું નથી. તેને તૈયાર કરનાર એક શિક્ષક હોય તો પણ ચાલી શકે છે. એ પ્રદર્શનમાં સમૂહગત માહિતી, કૃતિઓ અને વિશેષતાવાળી કૃતિઓ મૂકવામાં આવે છે.

આવી રીતની પ્રદર્શનની વ્યવસ્થાથી ગમે ત્યારે પ્રદર્શન યોજી શકાય છે; અને ઓછામાં ઓછા સમયમાં શાળા કે છાત્રાલયની સમગ્ર પ્રગતિનો ખ્યાલ આવી શકે છે.

આવી રીતે સંસ્થામાં સ્થાયી પ્રદર્શનનું સ્થળ હોય તો ત્યાં સંસ્થાની પ્રગતિના આંકડા, નકશા અને બીજી કૃતિઓ મુકાય અને સમય પ્રમાણે વધઘટ, સુધારાવધારા કરીને જીવતું પ્રદર્શન પણ રાખી શકાય.

આવા પ્રદર્શનની અગત્ય છે. દરેક સંસ્થાને એ મારફતે પોતે ક્યાં છે. તેનો ખ્યાલ આવે છે; અને બીજાને પણ ખ્યાલ આપી શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮

વ્યાયામ અને રમતગમત

છાત્રાલય એ બાળકનું ઘર છે. ઘરમાં કોઈ બાળક રમતું જ ન હોય તો તે માબાપને ગમે નહિ. એટલે તે રમે, ખેલે એમ દરેક જણ ઇચ્છે છે.

અમારે ત્યાં ગૃહકાર્યો, કાંતવું, પીંજવું, વણવું, ખેતી કરવી વગેરે ઘણાં કામો બાળકોને રોજ કરવાનાં હોય છે. તેમાં તેના શરીરને કસરત મળી રહે છે.

પરંતુ બાળક વ્યવસ્થિત ચાલતાં શીખે, સમૂહમાં અવાજ કર્યા સિવાય પદ્ધતિસર ચાલે, દોડે એ માટે કવાયત વગેરે જરૂરી છે. તેની સાથે આનંદ અને કસરત બન્ને મળે તેવી રમતો પણ જોઈએ. તે રમતો એવી રાખવી જોઈએ કે જેમાં સાધન માટે ખર્ચ કરવાનો ન હોય, અથવા તદ્દન નજીવો હોય. એટલે એ રમતો ગમે તેવાં નાનાં ગરીબ ગામડાંમાં પણ બાળકો રમી શકે એવી હોવી જોઈએ.

એવી કેટલીક રમતો નીચે મુજબ છે:

મોટી રમતો — હુતુતુતુ, લંગડી, ખોખો, ગીલીદંડા, તોપગોળો ઇ૦

સાતતાળી રમતો — સાંકળ સાતતાળી, સાતતાળીઓ રાજા, જેલ-સાતતાળી, અવળી ખો, ગુરુચેલો, થાપેથાપે થેપલી, શિકારી ઊભી ખો, દોચક્કર ઇ૦

સ્પર્ધા રમતો — સાઠમારી, કૂકડાની લડાઈ, બગલાની લડાઈ, ખેંચતાણ, ખચ્ચરની લડાઈ, વસ્તુઉઠાવ, બિલાડીની લડાઈ, દોડતાં પૂતળાં, દરિયે દવ લાગ્યો, ભૂખ્યાં પક્ષી, જગોબદલ, સાવધાન, કાનખજૂરા દોડ, એકબાદ, ઘેર જાવ, રૂમાલચોર, વત્તાઓછા, ધ્વજયુદ્ધ ઇ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંક્તિની રમતો — ડંએલ્સ, ઘોડાકૂદ દોડ, કોણી પસાર, નીચે પસાર, દડોઝીલ, દેડકાદોડ, મગદળગએડ દોડ, કાંગારુ દોડ, તારગાડી, દ્વિમુખી ઘોડો, એકપગી દોડ, ચોપગી દોડ, કૂદકા દોડ, પગ–વચ્ચે–પસાર દોડ, ગુલાંટ દોડ, વજનવહન, મગદળ ખસેડ ૪૦

બેઠી રમતો — પૃથ્વીપાણીપવન, પોસ્ટઑફિસ, નાયકશોધ, વાઘ,માણસ,બંધૂક ૪૦

રાસ — પાંચ પ્રકાર

ધ્વજવંદન વિધિ

સંઘ-વ્યાયામ — આઠ પ્રકાર

૧૯

પ્રવાસ – પર્યટન

દરેક શાળામાં અને છાત્રાલયમાં પ્રવાસપર્યટનનો કાર્યક્રમ રાખવાની યોજના કરવી જ જોઈએ. એથી બાળકોની દૃષ્ટિ વિશાળ થાય છે, અને પ્રત્યક્ષ અનુભવથી તેમને ખૂબ શીખવાનું મળે છે.

પ્રવાસ અંગે નીચેની બાબતો ધ્યાનમાં રાખવા જેવી છે:

૧. શાળા કે છાત્રાલયને કેન્દ્રમાં રાખીને નજીકનાં સ્થાનોનો અભ્યાસ પ્રથમ કરાવવો જોઈએ.

૨. વિદ્યાર્થીઓની આર્થિક સ્થિતિનો ખ્યાલ કરીને યોજના કરવી જોઈએ. તે માટે સ્વાવલંબી કમાણી કરવાના રસ્તા ખોળી આપવા જોઈએ.

૩. પ્રવાસ દૂરના હોય, પર્યટનો નજીકમાં હોય. પર્યટનો વિશેષ પગપાળા જ કરવાં જોઈએ. પ્રવાસમાં પણ પગે ચાલવાની શક્યતા હોય ત્યાં પગપાળા કરવા. ટ્રેન, મોટરનો જરૂરી ઉપયોગ કરવો.

૪. પ્રવાસમાં પ્રચલિત સિનેમા, નાટક જોવાનું રાખવું નહીં, કેમકે તે મોટે ભાગે કેળવણીની દૃષ્ટિવાળાં હોતાં નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. પ્રવાસપર્યટનમાં સમૂહગત કેટલીક વસ્તુઓ સાથે લેવી. જેમકે સાવરણી, ડોલ, ફાનસ, દીવાસળી, તાળું, સોય, ચપ્પુ. દવામાં ક્વિનાઈન, ત્રિફળાની ફાકી, બોરિક પાવડર, ટિંક્ચર.

૬. દરેકે પોતાનો સામાન જાતે ઊંચકીને બધે ચાલી શકાય એટલો જ સાથે લેવો.

૭. જ્યાં જઈએ ત્યાં પ્રથમ ઉતારાની તથા તેની સામેના ચોકની જગા વાળીઝૂડીને સાફ કરી આસન રાખીને બેસવાનું કરવું.

૮. ખાવામાં સાથે ભાથું લઈ જવું. મીઠાઈ વગેરેનો ન છૂટકે ઉપયોગ કરવો. ચાહ વગેરે વ્યસની પીણાં ન આપવાં.

૯. સૌને પોતાનું ભાથું છોડીને ખાવાની વૃત્તિ હોય છે, પણ બધા સાથે મળીને ભાથું ખાય એને ઉત્તેજન આપવું.

૧૦ પાણી ઊંચેથી પીવાની ટેવ પાડવી. જેને પ્યાલો મોંએ માંડીને પીવાની ટેવ હોય તેણે પોતાના જ પ્યાલાથી પાણી પીવું. બીજાના પીધેલા વાસણથી પાણી ન જ લેવું.

૧૧. જાજરૂ, પેશાબની વ્યવસ્થા ન હોય ત્યાં એકાંત સ્થળે પેશાબ કરી માટી વાળવી અને જાજરૂ જઈને પણ તે પર માટી ઢાંકવી.

૧૨. જ્યાં ઉતારો રાખ્યો હોય, ત્યાંથી નીકળતી વખતે ઉતારો સ્વચ્છ કરીને, જે ચીજો જેની લીધી હોય તેમને સોંપીને નીકળવું.

૧૩. મંદિરમાં દર્શન કરવા જતા પહેલાં તેમાં હરિજન જઈ શકે છે કે નહિ તે જાણી લેવું. પ્રવાસપર્યટનમાં બધી કોમના વિદ્યાર્થીઓ હોય, તે સર્વેને સાથે રાખીને જોઈ શકાય તે જ જોવાનું. નાતજાત છુપાવવી નહીં.

આ નિયમો પાળવામાં વિદ્યાર્થીઓ, વાલીઓ તથા સમાજ તરફથી મુશ્કેલીઓ આવવાનો સંભવ છે. તેમને આ બધું ઝટ ન સમજાય, પણ ઉપર જણાવેલી પાયાની બાબતોમાં બાંધછોડ હોઈ શકે નહીં. એ માટે કષ્ટ ભોગવવું પડે તો તે ભોગવીને પણ અસ્પૃશ્યતા-નિવારણનો સિદ્ધાંત સાચવવો અને ધીરજથી બધાને તેની પાછળ રહેલી દૃષ્ટિ સમજાવાય. તો મુશ્કેલીઓ થોડા સમયમાં દૂર થઈ જશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦

રજાઓનો ઉપયોગ

છાત્રાલયમાં અને શાળાઓમાં સમૂહજીવનના જે પાઠ વિદ્યાર્થી શીખે છે, તે કેટલા પ્રમાણમાં પચ્યા તેની કસોટી રજાઓમાં થાય છે.

રજાઓમાં તે ઘેર કેટલો ઉપયોગી થયો, તેણે કેટલો સમય અભ્યાસ કર્યો, કેટલું ઘરનું કામ કર્યું, વિશેષ શું કર્યું તે જોવું જોઈએ, જેથી વિદ્યાર્થીને કેટલું શિક્ષણ પચ્યું છે, તેનો ખ્યાલ આવે; અને બાદ તે વિશેષ પચે એવા પ્રયત્નો કરવાની સુગમતા થાય.

આજે છુટ્ટીનો અર્થ યોજના સિવાય દિવસ ગાળવો એવો થઈ ગયો છે. છુટ્ટીમાં શાળાની ઊણપ પૂરી શકે એવી પ્રવૃત્તિઓ કરવાની યોજના કરવી જોઈએ.

યોજના તો દરેક સમયની હોય. જેમ શાળાના અભ્યાસ માટેની યોજના છે, તેમ રજાઓની પણ યોજના કરવી જોઈએ.

રજાઓ પડવાને આગલે દિવસે વિદ્યાર્થીઓને રજા ગાળવાની દોરવણી આપી હોય તો વિદ્યાર્થીઓ સમયનો ઠીક ઠીક સદુપયોગ કરતા થાય છે.

આ જાતની દોરવણી વારંવાર મળે તો વિદ્યાર્થીઓ ખસૂસ ઘેર ઉપયોગી થવા પ્રયત્ન કરે છે. અમારો અનુભવ છે કે વિદ્યાર્થીઓએ માતાની મુશ્કેલીમાં ઘેર બધા માટે રસોઈ કરી છે અને દળ્યું પણ છે; પિતાની ગેરહાજરીમાં ખેતરનું કામ જવાબદારીથી સંભાળી લીધું છે; અને માતાપિતાની સાથે મજૂરીએ પણ ગયા છે અને ટૂંકી આવકમાં ઉમેરો કર્યો છે.

રજાઓમાં સેવાની તાલીમના શિબિરોની યોજનાઓ થાય છે. સંગીત, ચિત્રકામ કે એવા અભ્યાસના વર્ગો પણ થાય છે. એનો ઉપયોગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ કરવો જોઈએ; અને એવું શીખવાની તક ઝડપી લેવા ઉત્તેજન આપવું જોઈએ.

આમ રજાઓનો સદુપયોગ કરી શકે એવી દોરવણીને અભાવે ઘણુંખરું રજાઓનો સમય વેડફાઈ જાય છે. એ રીતે વિદ્યાર્થીજીવનમાં સમય બગાડવાની ખોટી ટેવનાં બીજ ન નંખાય તે માટે શિક્ષકોએ જાગ્રત રહીને રજાઓનો યોગ્ય કાર્યક્રમ બનાવવો જોઈએ.

૨૧.

સ્વાધ્યાય મંડળ તથા રાત્રિછાત્રાલય

સ્વાધ્યાય મંડળ

ગામેગામ પૂરા સમયનાં છાત્રાલયો ન થઈ શકે તો સ્વાધ્યાય મંડળો અથવા અભ્યાસગૃહો ઊભાં કરવાં જોઈએ. તેમાં અમુક સમયે બધા સાથે રહે, શિક્ષક સેવાભાવે આવે અને અભ્યાસમાં મદદ કરે.

આવી રીતે શાળાના અભ્યાસક્રમના વિષયો માટે અને બાજા વિષયો માટે અભ્યાસી મંડળો પણ ગોઠવી શકાય. એમાં ગામના બીજા યુવકો જોડાય. તે બધા વિષયો વહેંચીને અભ્યાસ કરી તેની ચર્ચા કરે અને વિચારોની આપ લે કરે. પ્રસંગે પ્રસંગે બહારથી જે તે વિષયના જાણકારને બોલાવવા જોઈએ. એમાં ગામના લોકો પણ હાજર રહે. એ રીતે નૂતન વિચારો ગામમાં ફેલાતા રહે એવી ગોઠવણ થઈ શકે.

એવાં મંડળો વ્યવસ્થિત ગોઠવી શકાય તો ગામના પ્રશ્નો ઉકેલવામાં પણ મદદ થાય.

રાત્રિછાત્રાલય

ગામમાં ને ગામમાં જીવનઘડતરની દૃષ્ટિએ રાત્રિછાત્રાલય થઈ શકે. તેમાં વિદ્યાર્થીઓ સાંજે જમીને નિશ્ચિત કરેલે સમયે હાજર થાય. અને સવારે નિશ્ચિત કરેલે સમયે ઘેર જાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાન્ય રીતે આવા છાત્રાલયમાં નીચેનો કાર્યક્રમ રાખી શકાય:-

પ્રાર્થના—સાંજે અને સવારે પ્રાર્થના સાદી અને ટૂંકી હોય. ભજન અને ધૂન પણ હોય. ત્યાર પછી વાતચીત અને દેશદેશના તથા ગામના ખબરો. કોઈ કોઈ વખત અંતકડી, રાસ વગેરે પણ રાખી શકાય.

સ્વાધ્યાય—શાળાના અભ્યાસની સાથે (ગૃહપતિની સૂચના મુજબનાં પુસ્તકોનું) ઇતર વાચન પણ હોય. તેને અંગે પ્રશ્નો આપેલા હોય તેના જવાબ વિદ્યાર્થીઓ લખે.

સફાઈ વગેરે—છાત્રાલયની સફાઈ નિયમિત થાય. પાણી ભરાય. જાજરૂ-પેશાબખાનાની સફાઈ થાય.

સમૂહ કાંતણ—રોજ ઓછામાં ઓછો અર્ધો કલાક બધા સમૂહમાં કાંતે. સવારે ઊઠવાનું, રાતે સૂવાનું, અને બીજાં કામો નિયમિત થવાં જોઈએ.

શાળામાં અભ્યાસ કરતો કોઈ પણ કોમનો વિદ્યાર્થી છાત્રાલયમાં દાખલ થઈ શકે એમ થવું જોઈએ; અને નિર્વ્યસની વિદ્યાર્થીઓને લેવાનો આગ્રહ રાખવો જોઈએ.

પ્રાથમિક શાળાનાં બાળકો માટે અને માધ્યમિક શાળાનાં બાળકો માટે કક્ષા પ્રમાણે છાત્રાલય અલગ અલગ હોવાં જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્તિ

(૬) પાયખાનાં અને સુતરડીની વિશેષ માહિતી

દરેક છાત્રાલયમાં પાયખાનાનો પ્રશ્ન આવે જ છે. ગામડાંઓમાં તો કોઈ કોઈ સારી સ્થિતિવાળાને ત્યાં દટણ જાજરૂ હોય, બાકી તો બધાં ખુલ્લામાં જાજરૂ જતાં હોય છે. આવી સ્થિતિમાં દરેક છાત્રાલયે મળમૂત્રવિસર્જનની વ્યવસ્થા કરવી જ જોઈએ અને એ વ્યવસ્થા એવી હોવી જોઈએ કે ગામડામાં ચાલી શકે.

પેશાબ વ્યવસ્થા– બાળકોને ચોમાસે, શિયાળે પેશાબ કરવા દૂર જવાનું ગમે નહીં. મોટાંઓને પણ ગમતું હોતું નથી. એટલે જો રહેવાના સ્થળથી દૂર ખેતરમાં પેશાબની વ્યવસ્થા કરી હોય તોપણ બાળકો નજીક ક્યાંક પેશાબ કરવા બેસી જાય. છેવટે ભીંતને કરે બેસે, જેમ ગામડાંઓમાં લોકો બેસે છે તેમ. તેથી રહેવાના સ્થાનની નજીક પેશાબખાનાની વ્યવસ્થા કરવી જોઈએ. પેશાબ કરવા માટે કે જાજરૂ જવા ઓથાવાળી જગા જોઈએ. તે માટે કાં તો કાયમી પેશાબખાનાં બાંધેલાં હોવાં જોઈએ, કાં તો ફરતાં પાયખાનાં બાંધવાં જોઈએ.

આજ સુધીના અનુભવે જે ફરતાં પાયખાનાં કે પેશાબખાનાં અનુકૂળ માલૂમ પડ્યાં છે, તેમનું માપ નીચે મુજબ છે :–

લંબાઈ, પહોળાઈ (બંને સરખી)

બહારથી ૨ાા ફૂટ,	આગળથી ઊંચું	(બારણાવાળો ભાગ)	૭ાા ફૂટ
અંદરથી ૨ા ફૂટ	પાછળથી ”		૭ ”
પાયા ૧ા ફૂટ	બારણું		૪ાા ”

બેઠકનાં બે પાટિયાં વચ્ચે ૭ ઇંચ જગ્યા હોય તો બસ છે. બારણું નીક તરફ ન હોય, પણ પડખે હોય, જેથી ચડવા ઊતરવાનું ફાવે. એની દીવાલો પતરાંની અને ચોકઠું સાગનું હોય. આવા એક પાયખાનાની કિંમત ૬૦) રૂપિયાની આસપાસ થાય. તે ઘણાં વરસ સુધી ટકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાયખાનાં કે પેશાબખાનાં ચણેલાં હોય, તો તેમાં ડોલો મૂકવી જ જોઈએ અને પેશાબની ડોલ પર વચ્ચે કાણાવાળું નાળચા ઘાટનું ઢાંકણુ હોવું જોઈએ, જેથી પેશાબની ગંધ ઓછી આવે અને છાંટા ઊડે નહિ.

આ પેશાબ અને મળનો ખાતર તરીકે ઉપયોગ થવો જોઈએ. જો ખેતીની જમીન હોય તો રોજ વ્યવસ્થિત રીતે પેશાબ અને મળ ચર કરીને દાટવાં જોઈએ, જેથી થોડા વખતમાં તેનું ખાતર બની જાય. સામાન્ય રીતે પાયખાનાં તે ખેતરમાં જ વ્યવસ્થિત ચર કરીને મૂકી શકાય. ચરમાં ઊંડાઈ ૯" થી વધારે ન જોઈએ, કારણ ખેતરમાં જે પાક થાય છે તેનાં મૂળ તેથી વધુ ઊંડાં જતાં નથી, એટલે ઊંડી ચરમાં નીચેનું ખાતર નકામું જાય. પેશાબ પણ એ મળની સાથે જ મેળવી દેવો જોઈએ અને પછી પાયખાનું ખસેડવું જોઈએ. પેશાબ માટે બીજી વ્યવસ્થા પણ થઈ શકે. અનુકૂળતા હોય તો રહેવાના સ્થાનની નજીક પાકી ચણેલી નીક બાંધવી. તેમાં તળિયે ચણવું નહિ, પણ પડખે ચણતર હોય અને ઉપર બંને બાજુ સરખી સપાટી હોય. તે નીકમાં પાંદડાં, ઘાસ વગેરે નાંખવું. તે પર પેશાબખાનું મૂકવું. તે પેશાબ ઘાસ વગેરેમાં પડશે એટલે ગંધ ઓછી લાગશે અને તેનું સુંદર ખાતર બનશે.

જો નીકની શક્યતા ન હોય તો એક ખાડો કરવો. તેમાં પાંદડાં અને ઘાસનો કચરો નાખવો. એવા ખાડામાં પેશાબ નાખવો. જ્યારે ગંધ જણાય ત્યારે તે ખાડો માટીથી પૂરી દેવો. ત્રણ માસમાં તેનું ખાતર તૈયાર થશે.

દટણુ જાજરૂ કે પેશાબખાનાં ગામને નુકસાનકર્તા છે. તે જમીન નીચેનાં ઝરણને ખારાં બનાવી નુકસાન કરે છે. તેથી ગામના કૂવાનું પાણી બગડે છે અને કીમતી ખાતરનો લાભ મળતો નથી.

જમીન ગોરાડુ હોય અને છૂટ હોય તો પાયખાનાં ખસેડવાનાં કરવાં. ચર ખોદ્યો હોય તેના પર પાયખાનું મૂકવું અને ખાડો ભરાવા આવે એટલે પાયખાનું આગળ ખસેડી, પાછળનો ખાડો માટીથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરખો ભરી દેવો. તેનું ખાતર થયા પછી તે ત્યાં જ રહેશે તોય સારી ખેતી થશે. બીજે જરૂર હોય તો ત્યાંથી ખાતર કાઢી પણ લેવાય.

કાળી માટી હોય છે, ત્યાં સરખો ચર થતો નથી. સાંકડા–પહોળા ખાડા થઈ જાય. તેવે ઠેકાણે કાયમી ચણેલા ચર કરવા જોઈએ અને ત્યાં પાયખાનાં મૂકવાં જોઈએ.

પાયખાનાં બાંધેલાં હોય તો ડોલ રાખવી. ચરવાળાં હોય તો ડોલની જરૂર ન પડે. પાયખાને ગયા પછી માટી નાખવી જ જોઈએ. એ માટે પાયખાના પાસે માટી રાખવી જોઈએ.

પેશાબખાના માટે ડોલ હોય કે કચરો નાખેલા ચર હોય. જો ચર હોય તો તે માટે કચરાની વ્યવસ્થા કરવી જોઈએ.

શિક્ષણની દૃષ્ટિએ મળ અને પેશાબનો ખાતર તરીકે ઉપયોગ થાય, મર્યાદા સાચવીને જાજરૂ–પેશાબ કરી શકે એવી વ્યવસ્થા થાય અને ગંદકી ન થાય એ જરૂરી છે. એ માટે પૂરતી વ્યવસ્થા દરેક શાળા અને છાત્રાલયે કરવી જ જોઈએ.

(ખ) શરીર વિકાસ

અમારા છાત્રાલયમાં રહેનાર વિદ્યાર્થીઓ સવારના ૪ાા વાગ્યે ઊઠે ત્યારથી રાતના ૮ાા વાગ્યાના અરસામાં સૂતા સુધી નિયમિત કોઈ ને કોઈ પ્રવૃત્તિમાં હોય છે. રસોઈ, સફાઈ, દળવું વગેરે બધાં કામ જાતે કરે છે. ઉપરાંત શનિ–રવિવારે કંઈક ફાજલ સમય મળે ત્યારે ખેતી વગેરે સ્વાવલંબી કામ કરે છે.

ગામમાંથી આવનાર વિદ્યાર્થીઓને રસોઈ, દળવું વગેરે કામો કરવાનાં હોતાં નથી. તેમ જ તેઓ હમેશ છાત્રાલયના વિદ્યાર્થીઓના જેટલા કલાક કામ પણ કરતા નથી. તેમનો ખોરાક પણ નિયમિત ઉપર પ્રમાણે નહીં હોઈ તેમના શરીરવિકાસમાં ચોખ્ખો ફેર માલૂમ પડે છે.

• છાત્રાલયના અને નજીકનાં ગામોમાંથી ભણવા આવતા વિદ્યાર્થીઓ વિદ્યાલયમાં જેટલો વખત ભણ્યા તેટલા સમય દરમિયાનની વજનની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધઘટની નોંધ લીધી છે. કેટલાક વિદ્યાર્થીઓ અહીં ત્રણ વર્ષ રહ્યા છે. કેટલાક બે વર્ષ રહ્યા છે અને કેટલાક એક વર્ષ રહ્યા છે. કોઈ નાપાસ થયેલા ચાર વર્ષ પણ રહ્યા છે. એ બધાની એક વર્ષની સરેરાશ વૃદ્ધિનો હિસાબ ગણ્યો છે.

	વિદ્યાર્થી સંખ્યા	કુલ વધારો શેર	સરેરાશ વધ	શારીરિક વૃદ્ધિ વધુમાં વધુ	ઓછામાં ઓછી
ધોરણ ૫ છાત્રાલયના	૨૪	૧૬૯ાા	૭	૧૫	૩
ગામના	૧૮	૮૭	૫	૧૪	૧
ધોરણ ૬ છાત્રાલયના	૧૧	૧૧૪	૧૦ા	૧૭	૩ા
ગામના	૧૭	૧૨૫	૭ા	૮ાા	૧ાા
ધોરણ ૭ છાત્રાલયના	૧૪	૧૦૬	૭ાા	૧૦ા	૫
ગામના	૬	૨૦ાા	૩ાા	૫ાા	૦ા

કોઈ વિદ્યાર્થી વજનમાં ઘટ્યો નથી.

(ગ) ત્રણ વર્ષનું ભણતર

(એક વિદ્યાર્થીના નિવેદનમાંથી)

હું બોચાસણ વિદ્યાલયમાં ત્રણ વર્ષ રહી પરીક્ષામાં ૮૦૦માંથી ૪૭૧ ગુણ મેળવી પાસ થયો. ઉપરાંત હું શું ભણ્યો તેનું નિવેદન નીચે મુજબ છે:–

રસોઈ — ત્રણ વર્ષમાં નીચેની વાનીઓ બનાવતાં શીખ્યો : ઉકાળો, રાબ, દાળ, ભાત, ભાખરી, શાક, રોટલા, કઢી, રોટલી, ચૂલી, ખીચડી, દાળઢોકળી, દૂધપાક, લાડુ, પૂરી, અને શીખંડ.

ખેતી — ત્રણ વર્ષમાં નીચેની વસ્તુઓની ખેતી કરતાં શીખ્યો : રીંગણ, ટામેટાં, શક્કરિયાં, ગવાર, મેથી, મૂળા, દૂધી, મકાઈ, બાજરી, તુવર, વાલ, તલ, મગફળી, ઘઉં, કપાસ, ફ્લાવર, કોબીજ અને ઝાડ રોપવાં.

સિલાઈ કામ — ત્રણ વર્ષમાં નીચેની વસ્તુઓ બનાવતાં આવડી : બટન બનાવવાં, બટનનાં ગાજ અને હાથરૂમાલ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સફાઈનાં સાધનો — ઊભાં ઝાડૂ બાંધવાં, હાથઝાડૂ સુધારવાં અને સાવરણી બાંધવી.

વસ્ત્રવિદ્યા — ત્રણ વર્ષમાં કપાસસફાઈથી વણાટ સુધીની ક્રિયાઓ શીખ્યો. ૨૫૦ તાર (સંયુક્ત કાંતણની) ૧ કલાકની ઝડપ છે; ૨૦ આંક.

એ વર્ષમાં શાળાના વખતમાં મેં ૧૮૦ ચો. ફૂ. ખાદી વણી અને એક બિસ્ત્રાપાટી વણી.

વણાટના પ્રકાર — સાદી ખાદી, શેતરંજી, હાથરૂમાલ અને બિસ્ત્રા-પાટી. ત્રણ વર્ષમાં વસ્ત્રવિદ્યાનાં નીચેનાં સાધનો બનાવતાં આવડ્યાં: જાડી માળ, પાતળી માળ, કામઠી, પૂણીસળિયો, મતી, ફણી બાંધવી, રાચ બાંધવાં અને દૂબટા ધોડી.

ત્રણ વર્ષમાં મારાં કપડાં માટે મેં ૬૦ ચો. વા. ખાદી વણાવી. અત્યારે પણ મારા કાંતેલા સૂતરની ખાદી પહેરું છું.

પ્રવાસ — ત્રણ વર્ષમાં નીચેનાં સ્થળોનો પ્રવાસ કર્યો :–

પાવાગઢ, ખંભાત, આણંદ, અમદાવાદ, વડોદરા, બોરસદ, અડાસ, પેટલાદ, સુણાવ, કંકાપૂરા–સર્વોદય મેળો.

કાંઠાગાળાના પ્રવાસમાં નીચેનાં ગામો જોયાં : રાસ, કઠાણા, બદલપુર, કંકાપુરા, દહેવાણ, ગાજણા, ડબકા, ગંભીરા, ખેડાસા, શેરડી અને ભાદરણ.

જવાબદારીનાં કામ — ૫ વખત વર્ગનો મુખ્યમંત્રી થયો.
૨૦ વખત વર્ગનો ઉપમંત્રી થયો.
૧ વખત શાળાનો મુખ્યમંત્રી થયો.
૪ વખત શાળાનો ઉપમંત્રી થયો.
૧ વખત કોઠારમંત્રી થયો.
૨ વખત છાત્રાલયનો મુખ્ય મંત્રી થયો.
૧૨ વખત ,, ઉપમંત્રી થયો.
૨ વખત ઘડિયાળમંત્રી થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાયામ–રમતો :— ગીત સાથે વાંસ–કવાયત અને ધ્વજવંદનની ક્રિયા કરાવતાં આવડી.
૨૩ રમતો આવડી.
દાંડિયારાસના ૪ પ્રકાર આવડ્યા.
લેઝીમના ૪ પ્રકાર આવડ્યા.
ડંબેલ્સના ૮ પ્રકાર આવડ્યા.
સર્વાંગસુંદર વ્યાયામના ૮ પ્રકાર આવડ્યા.

ઉત્સવોમાં ભાગ લીધો:— ત્રણ વર્ષમાં મેં નીચેની ઉજવણીઓમાં ભાગ લીધો : સંસ્કારકાર્યક્રમ, ગ્રામસફાઈ, સમૂહકાંતણ, પ્રદર્શન, પ્રભાતફેરી, ૨૬ મી જાન્યુઆરી, ૩૦મી જાન્યુઆરી, ૧૫મી ઑગસ્ટ, સર્વોદયમેળો, રેંટિયા-બારસ, રામનવમી, જન્માષ્ટમી, વિદ્યાર્થીસંમેલન; વાલીદિન, ઠક્કરબાપા સ્મારકફાળો, રેંટિયા સપ્તાહ અને આસામ રાહતફાળો.

અભ્યાસ:— ત્રણ વર્ષમાં મેં શ્રી બબલભાઈ અને કેદારનાથજી જેવા ૨૦ મહાપુરુષોની વાતો સાંભળી.
૧૮ ગીતો કંઠે કર્યાં.
૩૦ સ્વતંત્રલેખન લખ્યાં.
૩,૪૨૫ પાન વાંચ્યાં (પહેલાં બે વર્ષની નોંધ નથી.)
૧૫ નકશા પૂર્યા. (,,)
૨૨૮ સ્વાધ્યાયના પ્રશ્નોના જવાબ લખ્યા.

સ્વાવલંબી કમાણી—ત્રણ વર્ષમાં મેં બે વખત દૂધી કરી; બે વખત કોબી, ફ્લાવર કર્યાં તથા બીજાં કામો (ઘાસની ગાંસડીઓ ખસેડવી, આંબા વેડવા, ઘાસ કાપવું, દળવું, સ્ટેશનથી ઍંગલ્સ લાવવા વગેરે) કર્યાં અને રૂા. ૯૪–૧૩–૦ની રોકડ કમાણી કરી.

પરીક્ષા—બેઝિક શાળાન્ત પરીક્ષામાં ૮૦૦માંથી ૪૭૧ ગુણ-૫૮ ટકા ગુણ મેળવીને પાસ થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar